**સુવિચાર**

''ઘણી વખત આપણી સ્થિતિ કુંડામાં રહેલા છોડ જેવી હોય છે. આપણે લીલું પણ રહેવાનું અને મોટું પણ નહીં થવાનું.''

:: સૌજન્ય ::

**નિલકંઠ જ્વેલર્સ** (લાઠીવાળા)
માણેકપરા, અમરેલી.
ફોન : ૦૨૭૯૨-૨૨૩૫૫૭

પાના ૦૮ : કિંમત રૂા. ૩.૦૦
તા. ૨૭/૦૯/૨૦૨૫, શનિવાર
ફોન : ૨૨૮૪૨૨
www.amreliexpress.com

સત્યમ શિવમ્ સુંદરમ્
AMRELI EXPRESS DAILY

R.N.I.NO.GUJGUJ/2001/11803
Postal Reg.No. AMR/217/2024-26
E-Mail : amreliexpress7@gmail.com

જિલ્લાનાં આમઆદમીનું અખબાર

# અમરેલી એક્સપ્રેસ

અમરેલી, લાઠી, લીલીયા, દામનગર, બાબરા, સાવરકુંડલા, ધારી, ચલાલા, બગસરા, ખાંભા, રાજુલા, જાફરાબાદ, ઉના, કુંકાવાવ, વડિયા, વીજપડી પંથકમાં બહોળો ફેલાવો ધરાવે છે.

SINCE 1999
હરિૐ PENDAWALA
રવિવાર સ્પે.
સ્પે.ઉંધિયુ, ખાંડવી, ઢોકળા, રસપાત્રા, ખમણ
નવુ એસ.ટી.બસ સ્ટેન્ડ કોમ્પ્લેક્ષ, દુકાન નં.૯,અમરેલી,મો.89999 90099

તંત્રી,પ્રકાશક,માલિક : મનોજ એચ. રૂપારેલીયા, કાર્યાલય : જીલ્લા મધ્યસ્થ બેન્ક પાછળ, અમરેલી : મુદ્રણ સ્થાન : આજકાલ પ્રિ.પ્રેસ રજપુતપરા, શેલ પેટ્રોલ પંપ પાછળ રાજકોટ ખાતેથી છપાવી અમરેલી એક્સપ્રેસ કાર્યાલયથી પ્રસિધ્ધ કર્યુ. : વિક્રમ સવંત ૨૦૮૧ આસો સુદ-૬ વર્ષ : ૧૬ અંક : ૨૪૪

## માર્ગ-મકાન વિભાગનાં અધિકારીઓ કામની ઝડપ કરાવવામાં નિષ્ફળ

# અમરેલીમાં ગોકળગાયને પણ શરમ આવે તેવી ગતિએ માર્ગનું નિર્માણ

**ચિતલ રોડ, લાઠી રોડ, લીલીયા રોડ નવો બનતો હોય શહેરજનો તોબા પોકારી ગયા**

**જુદી-જુદી બાંધકામ એજન્સી ખુલ્લેઆમ નિયમોનો ઉલાળીયો કરતી હોવાની પણ ચર્ચા**

**રાજકીય આગેવાનો આપસી મતભેદમાં મશગુલ હોય મતદારોની વ્યથા કોઈ સમજવા તૈયાર નથી**

**જનતા જનાર્દનનાં કરોડો રૂપિયાનાં પૈસાથી બનતા માર્ગોથી જનતા જ પરેશાન**



અમરેલી, તા.૨૬

અમરેલીશહેરએજિલ્લાનું વડુ મથક છે. ઉચ્ચ અધિકારીઓનું નિવાસ સ્થાન, મોટાગજાનાં નેતાઓનું વતનઅનેરાજયકક્ષાનાંનેતાઓનીસતત અવરજવર છતાં પણ શહેરની દોઢ લાખની જનસંખ્યા ગંદકી, બંધ સ્ટ્રીટલાઈટ, ઠેકઠેકાણે માર્ગમાં ગાબડા, રખડતા પશુઓ, અનિયમિત પાણી વિતરણ, સરકારી કચેરીઓમાં અપાતા ઉડાઉ જવાબો, જાહેર માર્ગો અને ફૂટપાથો પર વ્યાપક દબાણ સહિતની અગણિતસમસ્યાથીચિંતિતબનીછે.

દરમિયાનમાં અમરેલી શહેરનોચિતલરોડ, લાઠીરોડ, લીલીયા રોડ અને ગાવડકા તરફ જતો રોડ નવો બનાવવાનુંકામશરૂતોથયુંછેપરંતુપૂર્ણ કયારે થશે તે તો રામજાણે. રોડ બનાવવાનીકામગીરીગોકળગાયનેપણ શરમ આવે તેવી ગતિએ ચાલી રહી છે. નિયમોનો ખુલ્લેઆમ ઉલાળીયો થઈ રહ્યોહોવાછતાંમાર્ગ-મકાનવિભાગનાં અધિકારીઓ નિયમોનું પાલન કરાવી શકતા નથી.

નિયમ મુજબ જે કોઈ એજન્સીરોડનુંનિર્માણકરતીહોયતેમણે એજન્સીનુંનામ, કામનીરકમ, કામપૂર્ણ કરવાની સમય મર્યાદા અને નાગરિકને ફરિયાદ કયાં કરવી તે અંગેનું સરનામું, મોબાઈલ નંબર અને ઈ-મેઈલ એડ્રેસનીજાણકારીમાટે કામનાંસ્થળે

અનુસંધાન પાના ૬ ઉપર

## અમરેલીનાં રાજકારણમાં ગરમાવો આવ્યો

# ભાજપા પ્રદેશ પ્રમુખ સી.આર. પાટિલ અને નાયબ દંડક વેકરિયા વચ્ચેની વાતચીતનો ઓડિયો વાયરલ

**ગણતરીની સેંકડો સુધી થયેલ વાતચીતે ભારે ચકચાર જગાવી**

અમરેલી, તા.૨૬

અમરેલી જિલ્લાના રાજકારણમાં હાલમાં એક મોટો વિવાદ ઊભો થયો છે. સોશિયલ મીડિયા અને સ્થાનિક વોટ્સએપ પર એક ઓડિયો ક્લિપ વાયરલ થઈ છે, જેમાં ધારાસભ્ય કૌશિક વેકરીયા અને પ્રદેશ ભાજપ અધ્યક્ષ સી.આર. પાટીલ વચ્ચે એક સંવાદનો સંદેશ છે. આ સંવાદમાં અનેક પ્રકારની આંતરિક રાજકીય વાતો અને



ચિંતાઓ રજૂ થઈ છે, જે જિલ્લા



રાજકારણમાં ભારે ચર્ચાનો વિષય બનીછે.

અનુસંધાન પાના ૬ ઉપર

## જગ્યા છોડી દેવાની ઘણા દિવસોથી અપાતી ધમકી બાદ

# ધારી : ગીર ગઢીયા ગામનાં મહંત હર્ષદબાપુ ભગત ઉપર ૪ વ્યકિતઓ હુમલો કરી નાસી છુટતા ચકચાર

**ઈજાગ્રસ્ત બનેલ મહંતને અમરેલી ખાતે સારવારમાં ખસેડાયા**



અમરેલી, તા.૨૬

ધારી તાલુકાના ગઢીયા ગીરમાંઆવેલદાનમહારાજનીજગ્યાના મહંતહર્ષદબાપુભગતપરઆજેસવારે ચારેક જેટલાં શખ્સો દ્વારા તલવાર વડે હુમલોકરીગંભીરરીતેઈજાઓકરીતથા લુંટ ચલાવીઆરોપી નાશી ગયા હતાં. જયારે આ બનાવમાં ઘવાયેલા મહંતને સારવાર માટે અમરેલીના સરકારી દવાખાનેખસેડવામાંઆવ્યાછે. મહંતના જણાવ્યા અનુસાર આ પંથકના કેટલાંક શખ્સો દ્વારા છાશવારે તેમને આ જગ્યા છોડી જવા ધાકધમકીઓ આપતાનું મીડિયાને જણાવ્યું હતું. જો કે ધારી પોલીસનો સંપર્ક કરતાં કાર્યવાહી શરૂ હોવાનું જણાવાયું હતું.

આબનાવમાંજાણવામળતી વિગત મુજબ ધારી તાલુકાના ગઢીયા ગીરમાંઆવેલદાનમહારાજનીજગ્યાના મહંતહર્ષદબાપુભગતપરઆજે સવારે પોતાનાઆશ્રમમાંથીસ્નાનકરીબહાર નિકળ્યા હતાં. ત્યારે ચારેક જેટલાં શખ્સોએઆવીઅહીંયાઆરતીકેમકરો છો? દાનમહારાજનીજગ્યા છોડી દેજે તેમ કહી આ મહંત ઉપર તલવાર વડે હુમલો કરી ગંભીર રીતે ઈજાઓ કરી

અનુસંધાન પાના ૬ ઉપર

૨૨ કેરેટ હોલમાર્ક દાગીના નો ભાવ
1,02,800/- (૧૦ ગ્રામ)
રહેલ તા. ૨૬/૦૯/૨૦૨૫ ના રોજ
હોલમાર્ક દાગીનાનો ભાવ જાણવા માટે વોટ્સઅપ ડીપી જોવો
63549 73131
બાલમુકુંદ જ્વેલર્સ પ્રા.લી.
એ-૧૯, ઈન્દીરા માર્કેટ, અમરેલી,
કસ્ટમર કેર નંબર : ૬૩૫૨૪ ૩૧૩૬૬

૪૦ માં વર્ષમાં મંગલ પ્રવેશ
હરસ,ભગંદર,ફીશરની ગુજરાતમાં સૌપ્રથમ અમેરિકન હાર્મોનિક-લેસોટ્રેક્ષ લેસર-HAL-IRC-K.S. દાખલ થયા વિના સારવાર
ડૉ.વેકરીયા પાઈલ્સ હોસ્પિટલ
એસ્ટ્રોન ચોક, રાજકોટ
93741 04727, 98240 66321
ગરીબ દર્દીઓને રાહત દરે સારવાર

શહેરમાં શ્રેષ્ઠ, સ્વાદમાં સર્વશ્રેષ્ઠ એકમાત્ર સ્થળ
શ્યામ કેટરર્સ The King of catering service
સ્પે. ગુજરાતી થાળી
અરજણભાઈ પટેલ મો.૯૮૨૫૦ ૫૯૭૮૩
જયેન્દ્ર પટેલ મો.૯૬૮૭૦ ૭૭૨૯૫
SHYAM Caterers
શુધ્ધ ઘી માં તરબોળ ડ્રાયફ્રુટ ચુરમાનાં લાડુ
અને શીંગતેલમાં રજવાડી ઉંધીયુ
અમારી સ્પે.બે પડવાળી રોટલી
શ્યામ ડાઈનીંગ હોલ એ.સી.હોલ
પાર્સલ સુવિધા ઉપલબ્ધ Mo.80000 86331
સ્થળ : એસ.ટી. ડેપો સામે, પહેલા માળે, અમરેલી - ૩૬૫૬૦૧
ફોન : (૦૨૭૯૨) ૨૩૩૪૪૫

Krishna DINING HALL
ક્રિષ્ના ડાઈનીંગ હોલ
પહેલો માળ, હિરકબાગ શોપીંગ સેન્ટર, જુના માર્કેટીંગ યાર્ડ સામે, અમરેલી. - ૩૬૫૬૦૧ (ગુજ.)
ફોન નં. ૦૨૭૯૨ - ૨૩૩૪૪૬
હેડ ઓફિસ : ક્રિષ્ના કેટરર્સ, કેરીયા રોડ, ભોજલપરા, અમરેલી.
રમેશભાઈ આર. શિંગાળા
૯૮૨૫૫ ૪૬૯૦૨

ન ભૂતો.... ન ભવિષ્યતિ...
ટુ વ્હીલર બેટરી ધમાકા ઓફર
નવરાત્રિ ધમાકા ઓફર
ટુ વ્હીલર વાહન માલિકો માટે આનંદના ખબર
દરેક ટુ વ્હીલર સેલ્ફ સ્ટાર્ટ વાહનો માટેની બેટરી
Lucas
PD POWER
4 LB માત્ર રૂા.૮૦૦/- માત્ર
5 LB માત્ર રૂા.૧૦૦૦/- માત્ર
4 LB માત્ર રૂા.૭૦૦/- માત્ર
5 LB માત્ર રૂા.૯૦૦/- માત્ર
નોંધ : આ ભાવ માત્ર જુની બેટરી પરત કરવાના છે.
દરેક ટુ વ્હીલરની બેટરી હાજર સ્ટોકમાં મળશે.
આ સાથે ૪૮ મહિનાની વોરંટી તો ખરીજ..
અમરેલી જિલ્લાના ડિસ્ટ્રીબ્યુટર
94269 38161 (Since 1995) 76986 55398
જય શ્રી ચામુંડા બેટરી હાઉસ
મેઈન બ્રાંચ : રેલ્વે સ્ટેશન રોડ, ગોપી ટોકીસની બાજુમાં, અમરેલી
બ્રાંચ : લાઠી રોડ, બાયપાસ ચોકડી, અમરેલી

24/7
ધર્મજીવન હોસ્પિટલ
સરકારશ્રીની PMJAY આયુષ્માન યોજના અંતર્ગત
ઓર્થોપેડિક વિભાગ
સંપૂર્ણ મફત*
875 875 4112/3310
શિવાજી ચોક, જેસીંગપરા, અમરેલી

# અમરેલીનાં વોર્ડ નં. ૪માં પંડિત દીનદયાળ ઉપાધ્યાયની જન્મ જયંતીની ઉજવણી



અમરેલી, તા. ૨૬

અમરેલી શહેરનાં લાઠી રોડે આવેલ શ્રીજી વિદ્યાર્થી ભુવન ખાતે જનસંઘનાં સ્થાપક, મહાન વિચારક, છેવાડાના માનવીની ચિંતા કરતાં સેવક, ભારતીય જનતા પાર્ટીના પ્રેરણા પુરૂષ પંડિત દીનદયાળ ઉપાધ્યાયજીની જન્મ જયંતિની ઉજવણી કરવામાં આવી હતી.

અત્રે પક્ષનાં વરિષ્ઠ આગેવાનો પૂર્વ મહામંત્રી ડો. ભાનુભાઈ કીકાણી, મીસાવાસી રામજીભાઈ કાપડિયા, શહેર ભાજપનાં પૂર્વપ્રમુખ બિપીનભાઈ જોષી, જીલ્લા ભાજપના કોષાધ્યક્ષ દિપકભાઈ વઘાસિયા, પ્રદેશ બક્ષીપંચ મોરચાના મયુરભાઈ માંજરિયા, મહિલા મોરચાના રેખાબેન માવદિયા, વિહિન્દુ પરિષદના ઈતેશભાઈ મહેતા, શહેર ભાજપ પ્રમુખ વિજયભાઈ ચોટલિયા તેમજ વોર્ડ નંબર ચારના આગેવાનો નાથુભાઈ ધાધલ, મનિષભાઈ ધોરાજીયા, પેન્ટર ડી.જી. મહેતા, ભગત તળાવિયા, નીલદિપસિંહ ગોહિલ, કિશોરભાઈ આજુગિયા, મુકેશભાઈ તેરૈયા, નરેશભાઈ મહેતા, દિલીપભાઈ બામણિયા, વિજયભાઈ મહેતા, મુકેશભાઈ નાકરાણી, દિનેશભાઈ કનાડિયા, કમલેશભાઈ સોલંકી, વાડિયાભાઈ ખુમાણ, વિપુલભાઈ ભટ્ટી, રેખાબેન પરમાર, આરતીબેન અટારા, પ્રવિણાબેન રાઠોડ સહિત કાર્યકરોએ ઉપસ્થિત રહી પંડિત દીનદયાળજીને પુષ્પાંજલિ અર્પણ કરી હતી. તેમજ સેવા પખવાડા અંતર્ગત વૃક્ષારોપણ કરવામાં આવેલ.

આ કાર્યક્રમમાં મુખ્ય વકતા ઈતેશભાઈ મહેતાએ અંત્યોદયના પ્રણેતા પંડિત દીનદયાળજીના આદર્શ સંઘર્ષમય જીવનમાંથી પ્રેરણા લેવા જણાવ્યું હતું. સ્વાગત પ્રવચન દિપકભાઈ વઘાસિયા, આભાર વિધિ કિશોરભાઈ આજુગિયાએ તેમજ કાર્યક્રમનું સુંદર સંચાલન વિપુલ ભટ્ટીએ કર્યુ હતું તેમ મુકુંદભાઈ મહેતાએ જણાવ્યું છે.

# અમરેલી : શ્રીજી વિદ્યાર્થી ભુવનમાં RBI દ્વારા પ્રેરિત ''નાણાકિય સાક્ષરતા કાર્યક્રમ'' યોજાયો



અમરેલી, તા. ૨૬

સર્વગ્રાહી શિક્ષણના ધ્યેય સાથે કાર્યરત એવા શ્રીજી વિદ્યાર્થી ભુવનમાં તા. ૨૦/૯/૨૦૨૫ના રોજ રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાના સૌજન્યથી ઈનામ વિતરણ તેમજ ''નાણાકિય સાક્ષરતા'' અંગેનો કાર્યક્રમ યોજાયો હતો. જેમાં પી.સી. શાહ રીટાયર્ડ ડેપ્યુટી મેનેજર SSBI તથા રોનક લીડ બેંક મેનેજર અને કલેકટર સાથે સંકલરૂપ કાર્યક્રમોના આયોજક તેમજ સચિન પાટીદાર પ્રતિનિધિ RRBI નાણાકિય સાક્ષરતા વિભાગ તેમજ લીડ ડીસ્ટ્રીક ઓફિસર – હાલ RBIમાં કાર્યરત એવા વરિષ્ઠ અધિકારીઓએ આ સંસ્થાને પસંદ કરી.

નાણાકિય સાક્ષરતા અંગે ધો ૧૦ અને ૧૨ના વિદ્યાર્થીઓને પ્રેરક પ્રવચનો આપ્યા હતા. તેમજ વિદ્યાર્થીઓને બેંક અંગે સામાન્ય જ્ઞાનના પ્રશ્નો પૂછી – વિજેતા દરેક વિદ્યાર્થીનું અભિવાદન તેમજ એક સુંદર લેધરની બેગ ઈનામમાં આપી હતી. ભાગ લેનાર દરેક વિદ્યાર્થીઓને ચોપડા તેમજ કંપાસ વગેરે ભેટ આપ્યા હતા.

આ કાર્યક્રમમાં સંસ્થાના સંચાલક દીપકભાઈ વઘાસીયાએ સૌને આવકાર્યા હતા અને વિદ્યાર્થીઓને કોમર્સ પ્રવાહનું મહત્વ સમજાવ્યું હતું. કાર્યક્રમનું સુંદર સંચાલન અને આયોજન તેમજ મહેમાનોનું બુક વડે સ્વાગત વગેરે કાર્યક્રમોમાં સંસ્થાના દરેક શિક્ષકોએ ઉત્સાહથી ભાગ લીધો હતો.

## પ્રાદેશિક કમિશનર ભાવનગરના માર્ગદર્શન હેઠળ

# અમરેલી જિલ્લાની નગરપાલિકાઓમાં ફાયર સેફટી, ફર્સ્ટ એઈડ અને આવશ્યક સેવાઓની તાલીમ યોજાઈ

## તમામ નગરપાલિકાઓના સ્ટાફને સજ્જ બનાવવા વિશેષ તાલીમ



અમરેલી, તા. ૨૬

પ્રાદેશિક કમિશનર નગરપાલિકાઓ, ભાવનગર ઝોનના માર્ગદર્શન નીચે નગરપાલિકાઓના ઉપક્રમથી શહેરી વિકાસ વર્ષ–૨૦૨૫ની ઉજવણી અંતર્ગત અમરેલી નગરપાલિકાના ૧૯૮, સાવરકુંડલા નગરપાલિકાના ૪૦૮, બાબરા નગરપાલિકાના ૪૫, ધારી નગરપાલિકાના ૫૫, બગસરા નગરપાલિકાના ૩૨૫, દામનગર નગરપાલિકાના ૬૦, લાઠી નગરપાલિકાના ૫૦, જાફરાબાદ નગરપાલિકાના ૮૦, રાજુલા નગરપાલિકાના ૩૩૦ તથા ચલાલા નગરપાલિકાના ૩૦૨, આમ દસ નગરપાલિકાઓના કુલ ૧૮૫૩ કર્મચારીઓ/અધિકારીઓ માટે ૧૦ સપ્ટેમ્બરથી ૨૪ સપ્ટેમ્બર દરમ્યાન ફાયર, ૧૦૮/૧૧૨ ઈમરજન્સી સર્વિસીઝ અને ફર્સ્ટ એઈડની તાલીમનો કાર્યક્રમ યોજાયો.

વર્ષ ૨૦૨૫ને ગુજરાત સરકાર દ્વારા શહેરી વિકાસ વર્ષ તરીકે ઉજવવાનું નક્કી કરવામાં આવેલ છે. જેના Pillar-3 Good Governanceમાં અધિકારીઓ કર્મચારીઓને જરૂરી તાલીમ આપવા ઉપર વિશેષ ભાર મુકાયો છે. કોઈપણ કુદરતી આફત કે માનવ સર્જીત દુર્ઘટના સમયે નગરપાલિકા કક્ષાએ સ્થાનિક સ્તરે આડીઝાસ્ટરનો પ્રથમ પ્રતિભાવ ફ્રન્ટલાઈન વોરીયર તરીકે નગરપાલિકાના અધિકારીઓ કર્મચારીઓએ આપવાનો થાય છે. જેથી નગરપાલિકાઓના અધિકારીઓને કર્મચારીઓને આ માટે સુસજ્જ કરવા આવશ્યક હોય છે. જે અન્વયે પ્રાદેશિક કમિશનર, નગરપાલિકાઓ ભાવનગરના માર્ગદર્શન હેઠળ અમરેલી જિલ્લાની દસ નગરપાલિકાઓ માટે ફાયર સેફટી, ૧૦૮/૧૧૨ આવશ્યક સેવાઓ અને ફર્સ્ટ એઈડની તાલીમનું આયોજન કરવામાં આવેલ છે.

રિજિયોનલ ફાયર ઓફીસરની કચેરીની ટીમ દ્વારા ફાયર સેફટી અંગેની થિયરી અને પ્રેકિટકલ ડિમોન્સ્ટ્રેશન દ્વારા સમજ આપવામાં આવી. અમરેલી જિલ્લાની EMRI ટીમ દ્વારા ૧૦૮ અને ૧૧૨ આવશ્યક સેવાઓ વિશે અને ૧૦૮ એમ્બ્યુલન્સમાં રાખવામાં આવતા વિવિધ સાધનો અંગે નિદર્શન યોજવામાં આવ્યું. ઈન્ડીયન રેડક્રોસ સોસાયટીના માસ્ટર ટ્રેનર્સની ટીમ દ્વારા પ્રાથમિક સારવાર અંગે જેમ કે, દાઝી જવું, પડી જવું, હાર્ટ એટેકના સમયે કૃત્રિમ ાસોસ ( CPR) વગેરે બાબતે વિસ્તૃત થિયરી અને પ્રેકિટકલ દ્વારા જાણકારી આપવામાં આવી.

વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ પોતાના મુખ્યમંત્રી તરીકેના કાર્યકાળ દરમિયાન ૨૦૦૫ને પહેલી વાર શહેરી વિકાસ વર્ષ તરીકે ઉજવ્યું હતુ. ત્યારથી શરૂ થયેલી રાજયની શહેરી વિકાસયાત્રાને આજે ૨૦ વર્ષ પૂરા થઈ ચુકયા છે. જેના ઉપક્રમે ગુજરાત સરકાર, વર્ષ ૨૦૨૫ને ''શહેરી વિકાસ વર્ષ'' તરીકે ઉજવી રહી છે, ત્યારે શહેરી વિસ્તારોને વધુ સુખ–સુવિધા સભર બને તેમજ નાગરિકો ''Earning Well, Living Well''નો ધ્યેય સાકાર કરી શકે તે માટે સરકારે વિશેષ આયોજન કર્યુ છે. આ માટે ગુજરાત સરકાર દ્વારા સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના, અમૃત ૨.૦ યોજના, ૧૫મું નાણાપંચ ઉપરાંત આઈકોનિક રોડ અને સ્વચ્છતા અને અન્ય બાબતો માટે ગત વર્ષ કરતા ૪૦% વધુ બજેટ ફાળવવામાં આવેલ છે.

## ઐતિહાસિક નવરાત્રિમાં ઉપસ્થિત રહેશે

# સાવરકુંડલા ખાતે આજે પંચદશનામ જુના અખાડાનાં મહામંડલેશ્વર પધારશે

## ધર્મપ્રેમીઓને આશીવર્ચન પાઠવશે



સાવરકુંડલા, તા. ૨૬

સાવરકુંડલા ખાતે ઉજવાતી ઐતિહાસિક નવરાત્રીમાં આવતીકાલ તારીખ ૨૭ સપ્ટેમ્બરને શનિવારે પંચ દશનામ જુના અખાડાના મહામંડલેર જયઅંબાનંદગીરી માતાજી પધારશે. શહેરમાં અલગ અલગ દિવ્ય મૂર્તિઓ અને રાસ ગરબા નિહાળી ધર્મપ્રેમી લોકોને આશીવર્ચન પાઠવશે. સાવરકુંડલા શહેર ખાતે વર્ષોથી નવરાત્રી દરમિયાન ઐતિહાસિક દેવી દેવતાઓની હલતી ચલતી નવરાત્રીની ભવ્ય ઉજવણી કરવામાં આવી છે વિવિધ મંડળો અને ગ્રુપો તથા સેવક સમુદાયને આશીવર્ચન પાઠવવા પંચ દશનામ જુના અખાડાના આંતરરાષ્ટ્રીય મહામંડલેશ્વર પરમ પૂજય ૧૦૦૮ જયઅંબાનંદગીરી માતાજી હિંગળાજ સંન્યાસ આશ્રમ રાજસ્થળી આવતીકાલ તારીખ ૨૭/૯/૨૫ શનિવારે રાત્રે સાવરકુંડલા ખાતે પધારશે.

પંચ દશનામ જુના અખાડાના આંતરરાષ્ટ્રીય મહામંડલેશ્વર પરમ પૂજય ૧૦૦૮ જયઅંબાનંદગીરી માતાજી હિંગળાજ સંન્યાસ આશ્રમ રાજસ્થળી દ્વારા સાવરકુંડલા જય ટોકીઝ પાસે ભગતસિંહ યુવા ગ્રુપ દ્વારા બનાવેલ મેલડી માતાજીની મૂર્તિ, દેવળા ગેઈટ ખાતે જય ખોડીયાર બાળ મંડળ દ્વારા તૈયાર કરવામાં આવેલ આશાપુરા માતાજી માતાનો મઢ કચ્છ, ઝીંઝુડા ગેઈટ ખાતે દાસારામ મીત્ર મંડળ દ્વારા અન્નપૂર્ણા માતાજી ભગવાન ભોળાનાથને અન્નનું દાન અર્પણ કરવામાં આવતું હોય તેવી મૂર્તિ તેમજ શ્રીકૃષ્ણ ગૌશાળા ખાતે ઓપરેશન સિંદૂર થીમ તથા પ્રજાપતિ બ્રહ્મકુમારી ઈરીય વિદ્યાલય દ્વારા ચૈતન્ય દેવીઓની ઝાંખીના દિવ્ય દર્શન કરશે તેમજ જય ખોડીયાર બાળ મંડળ દ્વારા રાસ ગરબા નિહાળી સાવરકુંડલાની ધર્મપ્રેમી ભાઈઓ બહેનોને આશીવર્ચન પાઠવશે.

## આગામી તા. ૭ ઓક્ટોબરના રોજ

# અમરેલી : અમર ડેરી ખાતે શરદ ઉત્સવ–મિલ્ક ડેની ઉજવણી કરાશે

## ઈફકો ચેરમેન દિલીપ સાંઘાણી તથા સાંસદ રૂપાલા ખાસ ઉપસ્થિત રહેશે





અમરેલી, તા. ૨૬

અમરેલી જિલ્લા દુધ ઉત્પાદક સંઘ સંચાલિત અમર ડેરી પરિસર નવા પ્લાન્ટ ખાતે આગામી તા. ૭ ઓકટોબરના રોજ રાત્રે ૯ કલાકે શરદ ઉત્સવ ''મિલ્ક ડે''ની ઉજવણી કરવામાં આવશે. આ પ્રસંગે વિશિષ્ટ અતિથિ તરીકે દિલીપભાઈ સાંઘાણી (ચેરમેન–ઈફકો) તથા પરસોત્તમભાઈ રૂપાલા (પૂર્વ કેન્દ્રીય મંત્રી તથા સાંસદ, રાજકોટ) ઉપસ્થિત રહી કાર્યક્રમને શુભેચ્છિત કરશે.

તો આ કાર્યક્રમમાં દૂધ ઉત્પાદકો, આગેવાનો જિલ્લાનાં સહકારી, કાર્યકરો, અધિકારીઓ તથા સ્નેહીજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી સહકારની ભાવના સાથે ઉત્સવને સફળ બનાવવા અમર ડેરીના ચેરમેન અશ્વિનભાઈ સાવલિયા તથા વાયસ ચેરમેન મુકેશ સંઘાણીએ એક યાદીમાં જણાવાયું છે.

# રાજકોટની પાઈલ્સ હોસ્પિટલનો ૪૦માં વર્ષમાં મંગલ પ્રવેશ



અમરેલી, તા. ૨૬

વિશ્વવંદનીય સંતપુરૂષોની કૃપાદ્રષ્ટિ અને હજારો દર્દીઓના અંતરના આશિષોની ફલશ્રુતિ સ્વરૂપે રાજકોટ મહાનગરના એસ્ટ્રોન ચોકમાં આવેલ ડા.એમ.વી. વેકરીયાની 'ડા.વેકરીયા' પાઈલ્સ હોસ્પિટલ આ ૨૭મી સપ્ટેમ્બરે ૪૦માં વર્ષમાં મંગલ પ્રવેશ કરી રહેલ છે. હરસ– મસા– ભગંદર જેવા અત્યંત પીડાકારક દર્દોની સારવારના ક્ષેત્રે અત્યંત સફળ સેવાના ચાર દાયકાઓ પુરા કરી ચુકેલ ડો. વેકરીયા પાઈલ્સ હોસ્પિટલનું ઉદઘાટન અક્ષરનિવાસી શાસ્ત્રી ધર્મજીવન દાસજીના હસ્તે સુભાશિષ સાથે આજથી ૩૯ વર્ષ પહેલા થયેલ. આજ સુધીમાં ૩૫૮ જેટલા ફી નિદાન અને સારવાર કેમ્પોમાં સેવા આપીને ડો.એમ.વી. વેકરીયાએ તેમના માનવીય પાસાનું તથા સેવાભાવનાનું પ્રેરણાદાયી દર્શન કરાવ્યું છે. તેના બદલામાં ઈશ્વરે પણ તેમના ઉપર પૂર્ણ રીતે કૃપા વરસાવી છે. ડો.વેકરીયાના પુત્ર ડો.બાહુલ વેકરીયા ગુજરાતની પ્રખ્યાત એવી રાજકોટ ખાતેની ગીરીરાજ હોસ્પિટલમાં કાર્ડિયાક સર્જન તરીકે સેવા આપી રહ્યાં છે. જયારે ડા. બાહુલ વેકરીયાના ધર્મપત્ની ડો. વિશ્વા વેકરીયા રેડીયોલોજીસ્ટ તરીકે ગવર્મેન્ટ પીડીયુ કોલેજ, રાજકોટમાં સેવા આપે છે. દિકરી બંસી વેકરીયાએ માસ્ટર ઓફ આર્કીટેકચર કરેલ છે, તેણી ઓસ્ટ્રેલિયામાં સરકારી ખાતામાં સેવા આપે છે.

## સ્થાપક પ્રમુખ મહેન્દ્રભાઈ જોષીનાં અધ્યક્ષ સ્થાને

# અમરેલી ખાતે લોક સાહિત્ય સેતુની વાર્ષિક બેઠક સંપન્ન થઈ

## શહેરનાં સાહિત્યકારો ઉપસ્થિત રહ્યા



અમરેલી, તા. ૨૬

સંત મોરારીબાપુના રૂડા આશીર્વાદથી સ્થપાયેલ લોકસાહિત્ય સેતુની વાર્ષિક બેઠક સ્થાપક પ્રમુખ મહેન્દ્રભાઈ જોશીના અધ્યક્ષ સ્થાને યોજવામાં આવેલ પ્રારંભમાં મહેન્દ્રભાઈ જોશી એ પોતાની આગવી શૈલીમાં લોકસાહિત્યનો પ્રસિધ્ધ દોહો સ્તંભ થડકેથી પધારેલા સૌને આવકાર આપ્યો ઉદઘાટક તરીકે ચલાળા ગાયત્રી શક્તિપીઠના અધ્યક્ષ ડોકટર પૂજય રતિદાદાના વરદ હસ્તે દીપ પ્રાગટયથી ખુલ્લો મુકાયો આખું વર્ષ કોઈપણ પ્રકારના પુરસ્કાર વગર કાર્યક્રમ આપનાર તમામ કલાકારોનું રોકડ પુરસ્કારથી શીતલ આઈસક્રીમના માલિક ભુપતભાઈ ભુવા તરફથી સન્માન કરવામાં આવ્યું. આજના કાર્યક્રમમાં ઉપસ્થિત ડોકટર રતીદાદા , ડોકટર જીવરાજ મહેતા ટ્રસ્ટના પ્રમુખ મોટાભાઈ સંવટ, ઋજુલભાઈ,સંજયભાઈ ધારૈયા જેવા મહાનુભાવો એ પોતાના વકતવ્યમાં સાહિત્યની આવી સુંદર પ્રવૃતિ બદલ આનંદ વ્યક્ત કર્યો સાથો સાથ આવતી બેઠક માટે ચલાલા ગાયત્રી શક્તિપીઠના અધ્યક્ષ રતિ દાદા તરફથી આવતી બેઠકનું આમંત્રણ પણ મળ્યું બેઠકના બીજા ડોરમાં લોકસાહિત્ય સેતુના કલાકાર મિત્રો ચંદ્રકાંતભાઈ બારોટ, ઉર્વશીબેન બારોટ, રમેશભાઈ જાદવ, કેવિનભાઈ રોકડ,નાખ્યા ડાભી, જીતકુમાર રાજયગુરૂ જેવા કલાકારોનો લોકસાહિત્યનો કાર્યક્રમ યોજાયો.

આજના સમારંભમાં વિશ્વવિખ્યાત બંસરી વાદક સંજીવભાઈ ધારૈયા ,ઋજુલભાઈ, શ્રીજી વિદ્યાર્થી ભુવનના માલિક દીપકભાઈ વઘાસિયા જાણીતા કાર્યકર વિપુલભાઈ ભટ્ટી , પ્રતાપભાઈ લોકસાહિત્ય સેતુના પ્રમુખ હિતેશભાઈ મહેતા મેઘા પીપળીયા ના હાસ્ય કલાકાર તે લખુભાઈ કાનડકટ ખાસ ઉપસ્થિત રહ્યા હસુદાદા જોશીના બહેનનું અવસાન થતાં તેના બેસણામાં જવાથી ઉપસ્થિત રહી શકયા ન હતા. કાર્યક્રમના અંતે સૌએ ચા–પાણીની વ્યવસ્થામાં ભાગ લીધો સંસાના સક્રિય સદસ્ય દિપકભાઈ વઘાસીયા એ આભાર દર્શન કર્યુ લોકસાહિત્યના સુંદર કાર્યક્રમને સંપન્ન કરી સહુ આનંદથી છુટા પડયા.

## સાસંદ ભરતભાઈ સુતરીયાનાં અધ્યક્ષ સ્થાને

# અમરેલી ખાતે આંગણવાડી કાર્યકર બહેનોને માતા યશોદા એવોર્ડ અર્પણ કરવામાં આવ્યો

## સાથોસાથ પોષણ વાનગી સ્પર્ધા યોજાઈ



અમરેલી, તા. ૨૬

અમરેલી ખાતે સાંસદ ભરતભાઈ સુતરીયાના અધ્યક્ષ સ્થાને આંગણવાડી કાર્યકર બહેનોને માતા યશોદા એવોર્ડ અર્પણ કરવાની સાથે પોષણ વાનગી સ્પર્ધા યોજાઈ હતી.

આઈસીડીએસ શાખા અંતર્ગતના આ કાર્યક્રમમાં જિલ્લા વિકાસ અધિકારી પી.બી. પંડ્યા, લાઠીના ધારાસભ્ય જનકભાઈ તળાવિયાની વિશેષ ઉપસ્થિતિ રહી હતી.

આ પ્રસંગે સાંસદ ભરતભાઈ સુતરીયાએ આઈસીડીએસ શાખાની કામગીરીને બિરદાવતા જણાવ્યું હતું કે, નાના બાળકોના ઘડતરમાં નારી શકિતની ખૂબ મોટી ભૂમિકા રહી છે, આંગણવાડી કાર્યકર બહેનો દ્વારા જે પોષણક્ષમ આહાર બનાવવામાં આવે છે, તેનાથી બાળકોના પોષણ સ્તરમાં સુધારો જોવા મળે છે, ઉપરાંત તેમણે માતા યશોદા એવોર્ડ પ્રાપ્ત કરનાર આંગણવાડી કાર્યકર બહેનોને અભિનંદન આપ્યા હતા.

વધુમાં અમરેલી જિલ્લાના ૧૩ ઘટકમાંથી આંગણવાડી વર્કર બહેનો દ્વારા વાનગી સ્પર્ધામાં મીલેટ્સ તથા ટીએચઆરમાંથી બનાવવામાં આવેલ જે પૈકી કુલ ૭૩ વાનગીમાંથી પ્રથમ, દ્વિતીય અને તૃતીય સ્થાન પ્રાપ્ત કરનાર બહેનોને પણ સન્માનિત કરવામાં આવ્યાં હતા. કાર્યક્રમ અંતમાં ઉપસ્થિત સૌને પોષણના શપથ લેવડાવવામાં આવ્યાં હતા.

આ તકે જિલ્લા પ્રોગ્રામ ઓફિસર દક્ષાબેન ભટ્ટ, નેશનલ ન્યુટ્રીશન મિશનના ઉદયભાઈ વાવડીયા તથા ફાલ્ગુનીબેન યાદવ, રાજેશભાઈ પાનસુરીયા સહિતના પદાધિકારી અધિકારી અને આંગણવાડી કાર્યકર બહેનો ઉપસ્થિત રહ્યાં હતા.


રાજકોટ શહેર તેમજ ગ્રામ્ય વિસ્તારમાં કોમર્શિયલ, રેસિડેન્શિયલ, પ્લોટ્સ લેવા–વેચવા ભાડેથી મેળવવા
PRIME PROPERTY
જયદિપ રાયઠઠા
Mo. 93770 03636

શું તમને સાંભળવાની તકલીફ છે ?
આ દિવાળીમાં આપના વડીલોને આપો કાનના મશીનની અમૂલ્ય ભેટ, જેથી તેઓ ફરીથી સાંભળી શકે આપણી વાત
વડીલો માટે આધુનિક મશીનો વ્યાજબી કિંમતમાં
જર્મની, ડેન્માર્કની કંપનીના મશીન વોરંટી સાથે મળશે.
જૂના મશીન ઉપર EXCHANGE ઓફરની સુવિધા
પેન્શનરો અને તેના આશ્રિતોને મશીનમાં 100% સહાય
કાનના મશીન
કાનની અંદરનું મશીન | કાનની પાછળનું મશીન
અવતાર
સ્પીચ અને હિયરીંગ ક્લિનીક
ગોલ્ડન પ્લાઝા, પૂજારા ટેલિકોમની ઉપર, અમરેલી. મો. 72650 63363

જય માં ગાત્રાડ આઈ એસ્ટેટ બ્રોકર
અમરેલીના કોઈપણ વિસ્તારમાં પ્લોટ–મકાન–દુકાન કે ઓફિસ ભાડે દેવા કે લેવા ખરીદવા કે વેચવા માટે મળો...
અનિલસિંહ જનવાર : Mo.94268 31241

આદુ-મરચાથી ભરપુર સ્પે. વાટીદાળના ખમણ
તેમજ સ્પે.નાયલોન ખમણ મળશે
દાનગીગેવ ખમણ હાઉસ
અમરેલીનાં જુનાને જાણીતા (સાનુભાઈ ખમણવાળા)
સ્ટેશન રોડ, પટેલ બોર્ડીંગનાં ગેઈટની પાસે, અમરેલી.
મો. ૯૯૨૫૪ ૨૫૨૩૧ ■ મો. ૯૪૨૮૭ ૯૪૦૪૧

શિવ ફરસાણ (ધારીવાળા)
સ્પે.નાયલોન ખમણ ખમણ હાજરમાં મળશે. ખજુરની ચટણી સાથે
નારણ આર્કેડ, ભીડભંજન મહાદેવના મંદિરની સામે,લીલીયા રોડ,અમરેલી.

## છેલ્લા ૨૦૦ દિવસમાં ૫૦ હજારથી વધુ પ્રવાસીઓએ સફર માણી

# અમરેલી જિલ્લામાં આંબરડી સફારી પાર્કથી પ્રવાસનને વેગ મળ્યો

**રિસેપ્શન ડેસ્ક, ઈન્ટર પ્રિટેશન સેન્ટર, વેઈટીંગ એરિયા, ફૂડ કોર્ટ સહિતની ઉત્કૃષ્ટ સુવિધાઓ**

**ગાંડી ગીરનાં સિંહને નજીકથી નિહાળવાની સાથે બસ સફારીનાં રોમાંચ સાથે પ્રકૃતિને માણતા પ્રવાસીઓ**

**બ્રોન્ઝ લાયન, સ્કલ્પચર, મેટલ સિંહ અને હરણનું સ્કલ્પચર, એમ્ફી થિયેટર આકર્ષણરૂપ બન્યા**

**આગામી દિવસોમાં પ્રવાસીઓની સંખ્યા અને સુવિધામાં પણ વધારો થશે તે નિશ્ચિત**




આલેખન : ધર્મેશવાળા

અમરેલી, તા. ૨૬

યુનાઈટેડ નેશન્સ અંતર્ગતના યુ.એન. વર્લ્ડ ટુરિઝમ ઓર્ગેનાઈઝેશન દ્વારા દર વર્ષે ૨૭ સપ્ટેમ્બરના રોજ 'વિ પ્રવાસન દિવસ'ની ઉજવણી હાથ ધરવામાં આવે છે. આ દિવસની ઉજવણી વર્ષ ૧૯૮૦થી હાથ ધરવામાં આવે છે. આ વર્ષની થીમ 'ટુરિઝમ એન્ડ સસ્ટેનેબલ ટ્રાન્સફોર્મેશન' છે.

વિદેશી પ્રવાસીઓને પણ ગુજરાતની ભૂમિ આકર્ષે છે, અહીં પ્રાકૃતિક, ઐતિહાસિક, સાંસ્કૃતિક, ધાર્મિક અને આધ્યાત્મિક દ્રષ્ટિએ અતિ મહત્વના અનેક પ્રવાસન સ્થળો છે. દેશ અને વિદેશના પ્રવાસીઓ ગુજરાતમાં વિવિધ પ્રવાસન સ્થળોની મુલાકાત લઈને રોમાંચ અનુભવે છે.

કોઈપણ દેશનું પ્રવાસન સીધી રીતે રોજગારી સાથે જોડાયેલું હોય છે. પ્રવાસન થકી રોજગારીની અનેક તકોનુ સર્જન થાય છે.

અમરેલી જિલ્લાના ધારી ખાતેનો આંબરડી સફારી પાર્ક પ્રવાસીઓ માટે એક નજરાણું બન્યું છે. એપ્રિલ-૨૦૨૫ થી સપ્ટેમ્બર-૨૦૨૫ સુધીમાં ૫૦ હજારથી વધુ પ્રવાસીઓએ સફારી પાર્કની મુલાકાત લીધી હતી.

આંબરડી સફારી પાર્કમાં રિસેપ્શન ડેસ્ક, ઈન્ટર પ્રિટેશન સેન્ટર, વેઈટીંગ એરિયા, ફૂડ કોર્ટ, વિશાળ પાર્કિંગ, વોટર અને સેનિટેશન સહિતની ઉત્કૃષ્ટ સુવિધાઓ ઉપલબ્ધ છે.

અહીં પ્રવાસી ગાંડી ગીરના સિંહને નજીકથી નિહાળી બસ સફારીના રોમાંચ સાથે મનમોહક પ્રકૃતિને માણે છે. આંબરડી સફારી પાર્કમાં બ્રોન્ઝ લાયન સ્કલ્પચર, મેટલ સિંહ અને હરણનું સ્કલ્પચર, એમ્ફી થિયેટર સહિત વિવિધ પશુ-પક્ષીઓના સ્કલ્પચર પ્રવાસીઓ માટે આકર્ષે છે.

વિ પ્રવાસન દિવસની ઉજવણી આપણને પર્યટનના વિકાસને પ્રોત્સાહિત કરવાની પ્રેરણા આપે છે. આ ઉપરાંત આ દિવસ પર્યટનને સમૃદ્ધિના પ્રતીક તરીકે પણ પ્રસ્તુત કરે છે. પ્રવાસન સ્થળ તરીકે ગીર, ગીરની પ્રકૃતિ અને ડાલામથ્થા સિંહ દેશ અને વિદેશના પ્રવાસીઓને આકર્ષિત કરે છે.





શું તમારે દિવાળીમાં ગ્રાહકોને ભેટ આપવા વિચાર્યું છે ?
તો આજે જ ઘનશ્યામ આર્ટની મુલાકાત લ્યો ...
ત્યાં તમને જોવા મળશે વિવિધ પ્રકારનાં ■ કેલેન્ડર ■ ૩૦૦ ઉપરાંત ડીઝાઈનની કિ-ચેઈન ■ ૩.૫ થી ૫૦ રૂપિયાની પ્રિન્ટ સાથે બોલપેન ■ મની પર્સ અવનવી વેરાયટી ચેક બુક, ATM કાર્ડ કવર ■ મોબાઈલ સ્ટેન્ડ ■ પેપર વેઈટ વગેરે અઢળક વેરાયટી માટે સંપર્ક કરો...
ઘનશ્યામ આર્ટ
કનુભાઈ જોષી Mo.94287 95274 Mo.93285 98100
૭, વંદના શોપિંગ, એસ.ટી.ડેપો, અમરેલી.

ટ્રસ્ટ, NGO, સ્કૂલ, માટે ખાસ
નવા ટ્રસ્ટ બનાવવા, ચેરીટી કમીશ્નરમાં નોંધણી કરાવવી ઓડીટ કરાવવા, મંદિર, મસ્જિદ, ગૌશાળા, હોસ્ટેલ, સ્કૂલ વગેરેના એકાઉન્ટ કરી આપવામાં આવશે.
ઈન્કમ ટેકસના સર્ટિફીકેટ, 12AB, 80G, ઈન્કમ ટેકસના રીટર્ન વગેરે...
જુના બંધ પડેલા ટ્રસ્ટમાં વાર્ષિક હિસાબો, અન્ય રેકર્ડ વગેરે વ્યકિતગત કરી આપવામાં આવશે.
વેપારી એકાઉન્ટ, GST રીટર્ન, પાનકાર્ડ વગેરે કરી આપાવામાં આવશે.
શ્રીનાથજી કોમ્પ્યુટર્સ
૪૦, પહેલા માળે, હિરબાગ શો. સેન્ટર, માર્કેટયાર્ડ રોડ, અમરેલી
ભરત બી. પારેખ - ૯૪૨૮૩ ૪૦૯૩૪

ભારતમાં સૌથી સારો મેડીકલેઇમ
મેડીકલેઇમ લેતી વખતે જો તમોને
(૧) ડાયાબીટીસ (૨) હાયપર ટેન્શન (B.P.) (3) અસ્થમા (૪) કોલેસ્ટ્રોલ
જેવી ઉપરની ચાર બીમારી હોય તો તમો અમારો સંપર્ક કરો કારણ કે આ ચારેય બીમારીઓમાં પણ અમારા મેડીકલેઇમમાં ફકત-30 દિવસ પછી સારવારનો ખર્ચ મળશે.
કેશલેશની સગવડ
સંપર્ક : પાર્થ ઇન્વેસ્ટમેન્ટ
જય કોમ્પલેક્ષ, ગાંધીબાગ પાસે, અમરેલી.
અશ્વિનભાઇ પંડયા મો. ૯૪૨૬૯ ૬૩૬૧૧ | પાર્થ પંડયા મો. ૮૪૬૦૫ ૫૦૬૬૦













WALK IN INTERVIEW
જનરલ ઓફીસ એડમીનીસ્ટ્રેશન માટે સ્ટાફ જોઈએ છે
GENERAL WEB MANAGEMENT
MULTIMEDIA
(WHATS APP BUSINESS, TWEETER, INSTA, TELEGRAM, FACEBOOK, YOU-TUBE)
GEM PORTAL CORRESPONDENCE
E-MAIL CORRESPONDENCE
GENERAL ACCOUNTING (TALLY – MIRACLE)
IT RETURNS (I-TEX)
PAN CARD APPLICATION
E-STAMP PORTAL
CSC PORTAL
IRCTC RAILWAY TICKET PORTAL
MUTUAL FUND MANAGEMENT
INSURANCE PORTAL
B.Com., Microsoft Office, Tally, English Language, EPFO No., UAN No.
SALARY : Rs. 40 / Hour (Starting) + EPF
TIME : MONDAY to SATURDAY 8:45 AM to 1:45 PM - 2:45 PM to 7:45 PM
MAHAJAN TELNET LLP.
E-mail : info@mahajantelnet.com
Web : www.mahajantelnet.com
95 86 86 86 45







''અમરેલી એક્સપ્રેસ''
અમરેલી શહેરમાં આપને ''અમરેલી એક્સપ્રેસ'' દૈનિક અનિયમિત મળતું હોય તો તુરંત જ સંપર્ક કરો.
સુમીત ચંદારાણા મો. ૮૭૩૫૦ ૧૨૭૨૭

# "મહિલાઓની કરકસર એટલે મહિલા સશકિતકરણ"

## પગદંડી/લેખન



– પ્રિન્સી./ટ્રસ્ટીશ્રી રવજીભાઈ ( કાચા સાહેબ )

મિ–વુલ્ફે સહકારને સોનાની ખાણવાળું બીજું કેલિફોર્નિયા કહ્યું છે. એ બહુ જ યોગ્ય છે તેઓ સહકાર અને કેલિફોર્નિયા બંનેની સરખામણી કરતાં જણાવે છે કે બેમાંથી કોને લીધે વધુ દ્રવ્યોની ઉત્પત્તિ થઈ છે. તે વિચારીએ તો તેનો ઉત્તર આપવો ઘણો મુશ્કેલ પડશે; પરંતુ જો એવો પ્રશ્ન કરવામાં આવે કે એ બેમાંથી કોને લીધે પ્રજાને વધુ સંગીન લાભ થાય છે. કેલિફોર્નિયામાંથી નીપજતા સોનાથી કે સહકારથી ? જે સોનાએ આરંભથી જ લૂંટફાટ અને અવ્યવસ્થા દુનિયામાં ચલાવી અને જે સોનું દુનિયાની સારી સેવા બજાવ્યા છતાં જયારે ત્યારે લોભ, ઈર્ષા અને અપ્રમાણિકપણા વધવાનું એક મુખ્ય કારણ છે. તે જયારે સહકાર પ્રામાણિકતાના ભંડોળ રૂપ છે. દુર્ગુણોને ઠેકાણે સદગુણનું સામ્રાજય પ્રવર્તાવે છે. મનુષ્યોને કરકસરવાળા, ઉદ્યોગી, ગંભીર અને પ્રામાણિક બનાવે છે. તેથી આ તે પ્રશ્નોનો ફકત એક જ ઉત્તર આપી શકાય કે પ્રજાને વધુ સંગીન લાભ તો સહકારથી જ પ્રાપ્ત થયો છે.

કરકસર એ સહકારી પ્રવૃત્તિનું અગત્યનું અનિવાર્ય તત્વ છે. આમ જોઈએ તો 'કરકસર' એ શબ્દ જ પોતાની મેળેજ આપણને 'કર–કસર' એટલે કે તમો કર કરો, કર એટલે હાથ – હાથની કસર એટલે કે હાથની કસર કરો – એમ આપણને સમજાવે છે.

કરકસર એટલે પરિશ્રમ – મહેનતની યોગ્ય વ્યવસ્થા કરવી આ વ્યવસ્થા નીચે પ્રકારે થઈ શકે.

(૧) બુદ્ધિ વાપરીને – મગજ શકિનો ઉપયોગ કરી પરિશ્રમ – મહેનતની યોગ્ય યોજના કરવી, (૨) આ પ્રમાણે આયોજન કરી જે ફળ મળે તેને સાચવી રાખવું., (૩) આ સાચવી રાખેલ ફળની વખત પ્રસંગને અનુસરી યોગ્ય વહેંચણી કરવી., (૪) દુર્વ્યય – બિનઉપયોગી ખર્ચ થતા અટકાવે છે. આજના આધુનિક યુગમાં મહિલા શકિતના મહત્વને કોઈ નકારી શકતું નથી મહિલાઓએ તેમના ઘરની ફરજિયાત જવાબદારીઓ સિવાય હવે સમાજ અને અર્થતંત્રના વિકાસમાં પણ પોતાની સાથોસાથ મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી રહી છે. ખાસ કરીને ગ્રામીણ વિસ્તારોમાં મહિલાઓ કરકસર, બચત અને સહકારી પ્રવૃત્તિઓ દ્વારા પોતાનું જીવન સુધારવાનું અને સમાજમાં એક સકારાત્મક પરિવર્તન લાવવાનું કાર્ય કરી રહી છે.

**કરકસર અને બચત એ સ્ત્રીઓની સહજ બાબત**

મહિલાઓ કુદરતી રીતે કરકસર કરતી હોય છે. ઘર ચલાવતી બહેન કે માતા મર્યાદિત આવકમાં પણ ઘર ચલાવવાનું મહાન કાર્ય કરે છે. ઘરના નાના–મોટા ખર્ચા સંભાળી પોતાની બચતમાંથી પરિવારને મદદરૂપ થઈ આવી પડતી મુશ્કેલીઓનો સામનો કરે છે.

આજના સમયમાં મહિલાઓએ વિવિધ બચત જૂથો, સેલ્ફહેલ્પ ગૃપ (SHG) તથા સહકારી મંડળીઓમાં જોડાઈ પોતાના નાની–નાની બચતોથી નાના ઉદ્યોગો શરૂ કર્યા છે. આવી નાની નાની બચતો જ મોટા બદલવાની શરૂઆત બની છે.

સહકારી પ્રવૃત્તિ – સંગઠન એટલે સશકતીકરણ

મહિલાઓ જયારે સહકારી મંડળીઓમાં જોડાય છે ત્યારે તે એકલાની સ્થિતિ સ્થાપક શકિતનું રૂપાંતરણ સમૂહ શકિતમાં કરે છે. અહીં દરેક મહિલા પોતાનું નાણાકીય યોગદાન આપે છે. સાથે સમય, શ્રમ અને પ્રતિભા પણ આપે છે. સહકારી વ્યવસ્થા મુજબ નિર્ણય સહમતીએ લેવાય છે. નફો તથા લાભ બધા સભ્યો વચ્ચે વહેંચાય છે.

ભારત જેવા ત્વરિત વિકાસ માટે મથતા દેશના ઉત્કર્ષ માટે કામ કરી રહેલ જુદી જુદી સમાજ ઉત્કર્ષ પ્રવૃત્તિઓમાં એક મોટામાં મોટી, અગત્યની અને અભ્યાસી એવી સહકારી પ્રવૃત્તિમાં કરકસર એક અગત્યનું અને ભારે પરિબળ ગણાય છે. આ સહકારી પ્રવૃત્તિમાં બહેનો દાખલ થઈ. આ કરકસર અને બચતના ગુણ દ્વારા સહકારી સંસ્થાઓમાં કેટલીક વખત 'ત્રણ સાંધે ત્યાં તેર તૂટે' જેવી પરિસ્થિતિ સર્જાય છે. ત્યારે આ બહેનો દ્વારા કરકસર કરી કરવામાં આવેલ બચત, જેવી રીતે કોઈ પણ શોષણમાંથી બચવા સહકાર એક રામબાણ ઈલાજ છે. તેવી રીતે સહકારી અણધાર્યા અને આકસ્મિક ખર્ચમાં મદદરૂપ થનાર આ એક રામબાણ ઈલાજ છે. સહકારી પ્રવૃત્તિ સામે રહેલ પડકારોમાં આર્થિક પડકાર એક મહત્વનો પડકાર છે. અને તેવા સંજોગોમાં સહકારી મંડળીની વિકાસ પ્રક્રિયામાં મદદરૂપ થવા મહિલાઓ દ્વારા બચત, કરકસર અને સખત પુરૂષાર્થો માંગી લે છે.

**આર્થિક અને સામાજિક લાભ** મહિલાઓ માટે સહકારી મંડળી માત્ર આવકનું સાધન નથી, તે આત્મવિાસ, આત્મસન્માન અને સામાજિક માન્યતાનું સાધન પણ છે. આજે અનેક મહિલાઓ ઘરમાંથી બહાર આવી વ્યવસાય કરતી થઈ છે. તેમના જીવનસ્તર ઊંચા થયા છે. બાળકોની શિક્ષા અને પરિવારનું ભવિષ્ય વધુ સુરક્ષિત બન્યું છે.

**સહકાર અને સંસ્થાઓની ભૂમિકા**

મહિલાઓની સહકારી પ્રવૃત્તિઓને વધુ મજબૂત બનાવવા સરકાર પણ વિવિધ યોજનાઓ ચલાવે છે. જેમ કે... દિનદયાળ અંત્યોદય યોજના – રાષ્ટ્રીય ગ્રામિણ today જીવનમિશન (DAY-NRLM), મુદ્રા લોન યોજના, મહિલા કો–ઓપરેટિવ માટે ટેકનિકલ તાલીમ યોજના, બેંકો અને NGO પણ SHGને ટેકો આપે છે. તાલીમ આપે છે. અને બજાર જોડાણ માટે માર્ગદર્શન આપે છે.

મહિલાઓ દૂધ ઉત્પાદક સહકારી મંડળીઓ, મત્સ્યોદ્યોગ, મંડળીઓ, મરઘાં –બતકાં ઉછેર મંડળીઓ, ઔદ્યોગિક ગૃહઉદ્યોગ મંડળીઓ, ખેતી વિષયક મંડળીઓ વગેરે મંડળીઓમાંથી કરકસર અને બચતના ગુણ દ્વારા આર્થિક રીતે ઘણી જ મદદરૂપ થઈ શકે તેમ છે. અને તે માટે મંડળી તરફથી મૂકેલ યોજનાઓ દ્વારા આ પ્રતિપાદન થઈ શકે તેમ છે.

આ અંગે મહિલાઓ પોતાની બચત ધિરાણમંડળીઓ પણ રચી શકે અને સહકારી પ્રવૃત્તિને મદદરૂપ થઈ શકે તેમ છે.

સહકારી મંડળીની આર્થિક પારાશીશી તેના ધંધા પરથી નહીં પણ તે કેટલું બચાવી જાણે છે તે પરથી તથા સભાસદોની કેટલી બચત થાપણો છે તે પરથી આંકી શકાય છે. આમ વ્યકિતની જેમ મંડળીઓમાં પણ કેટલું કમાયા તે મહત્વનું નથી પણ સભાસદોએ કરકસર કરી, બચત કરી કેટલી વધુમાં થાપણો મંડળીમાં મૂકી છે તે મહત્વનું છે.

ટૂંકમાં મહિલાઓએ, મંડળીની સપ્રધરતાનો મંત્ર લલકારી, અપનાવી મંડળીની આર્થિક પરિસ્થિતિ બચત, કરકસર અને પુરૂષાર્થ વડે સધ્ધર લાવી મંડળીને વધુ સુરક્ષિત, સુખદ સંપન્ન અને સભાસદોને સર્વાંગી સેવાઓ આપવા તત્પર બનાવવી તેની તાતી જરૂર છે.

– **ભગવતીબેન સુરત**



# બાલ એકસપ્રેસ



સંપાદક : રવજીભાઈ કાચા, અમરેલી

– ઉખાણા
– બાળ વાર્તા
– જોડકણા
– બાલગીત
– જોકસ

## સંભાળ

જો આપણે અવયવોની દ્રષ્ટિએ વિચારીએ તો સનતંત્રના રોગો, જેમાં ાસ એટલે કે દમ, ાસનળીનો સોજો, ગળાનો સોજો, કાકડાં, હૃદયરોગમાં જન્મજાત હૃદયરોગો જેવા કે હૃદયના કર્ણ કે ક્ષેપકના પડદામાં પડતું કાણું મુખ્યત્વે હોય છે. સંધિવા થયેલ બાળકના હૃદયના વાલ્વના રોગો પણ ઘણાં જોવા મળે છે. ચામડીના રોગોમાં ગરમીમાં થતાં ગૂમડાં, દાદર, ખરજવું, કરોળિયા અને ખસ મુખ્યત્વે હોય છે. મગજના રોગમાં સેરેબ્રલ પાલ્સી અને મોંગોલિજમ જેવી સ્થિતિ મંદબુદ્ધિનાં બાળકોમાં વિશેષતઃ હોય છે. મગજનો સોજો અને મગજના પડનો સોજો જેવી સ્થિતિ મોટા પ્રમાણમાં થાય છે. અંગૂઠો ચૂસવો, નખ કરડવા, પથારીમાં પેશાબ થવો, માટી ખાવી, જીભ થોથવાવી, શરમાળપણું, કોઈની વસ્તુ છાનામાના લઈ લેવી, ખોટું બોલવું વગેરે રોગો નથી પરંતુ વર્તણૂકના પ્રશ્નો છે, જે વાલીને ખૂબ ચિંતા ઉપજાવે તેવા હોય છે. તે દર્શાવવી આ તબક્કે જરૂરી છે.

લોહીના રોગોમાં જન્મજાત રોગ જેવા કે થેલોસિમિયા, સિકલસેલ એનીમીયા અને હીમોફીલિયાનું પ્રમાણ પણ વિચારવું રહ્યું. નાનાં બાળકોમાં ડાયાબિટીસ ન જ હોય તેવી માન્યતા ભૂલ ભરેલી છે. અંતઃસ્ત્રાવી ગ્રંથિમાં મુખ્યત્વે થાઈરોઈડનું પ્રમાણ ઓછું હોય તેવા કિસ્સા વિચારવા રહ્યા.

**સામાન્ય બાળરોગ અને ઘરગથ્થુ ઉપચાર**

બાળકનો જન્મ થાય તેના થોડાંક દિવસમાં એટલે કે ૩–૪ દિવસમાં ઘણાં બાળકોને કમળો થાય છે. જે ૫ થી ૭ દિવસમાં તેની જાતે જ મટી જાય છે. બાળકને ઘણીવાર થાપામાં કે જનનાંગોની આસપાસ લાલાશ પડતી ચામડી થઈ જાય છે. જે કેમિકલ્સના કારણે થાય છે. તે પણ ટૂંક સમયમાં જાતે મટી જાય છે. તે માટે બાળકનાં લપેટવામાં આવતાં કપડાં જંતુરહિત કરવાં જરૂરી છે. બાળકને ઝાડો–પેશાબ થાય કે તરત જ ગરમ પાણીથી સાફ કરવાં. કપડાંમાં પણ સાબુ કે ડીટર્જન્ટ ન રહે તે ખાસ ધ્યાન રાખવું. આના માટે ખાસ ક્રીમ પણ આવે છે, જેનો જરૂર પડ્યે ઉપયોગ કરવો.

બાળક વધારે પડતું રડતું હોય ત્યારે ઘણીવાર માતાની વધારે પડતી લાગણી જવાબદાર હોય છે. ખાસ કરીને પહેલાં બાળકમાં માતા બિનઅનુભવી હોય ત્યારે આ વધારે બને છે. બાળકને દાંતફૂટે ત્યારે પેઢાં થોડાં ફૂલે છે. સોજો આવે છે અને તેના કારણે રડે છે. પેઢાં પર તલનું તેલ લગાવવાથી રાહત રહેશે. જો એકાદ મહિનાનું બાળક દરરોજ સાંજે રડતું હોય તો તે પેટના દુખાવાના કારણે હોઈ શકે. બાળક ૨.૫–૩ માસનું થાય ત્યાં સુધીમાં આ મટી જાય છે. આ સ્થિતિને આંતરડાનુ કોલિક કહે છે. આ માટે આપણા ત્યાં સવા ચૂનાના પાણીનો ઉપયોગ વિશેષતઃ થાય છે. બાળક પેશાબ કરતાં કરતાં વધુ પડતું રડે તો પેશાબના માર્ગમાં ચેપ હોઈ શકે. તે સમયે સાથે–સાથે તાવ, ઝાડા ઊલ્ટી હોવાં જરૂરી છે પણ બાળકને તેડશો અને તે રડતું બંધ થઈ જાય તો સમજવું કે તેને કોઈ માંદગી નથી. ઝાડા નાનાં બાળકોમાં થતા હોય અને બોટલ દ્વારા દૂધ આપતાં હો તો દૂધ ૨૪ કલાક માટે ઓછું આપો અને ઉકાળીને ઠંડું કરેલ પાણી અડધા લિટરમાં અડધી ચમચી મીઠું તથા ૩ ચમચી ખાંડ નાખેલું થોડી થોડી વારે થોડું થોડું આપો. બાળક દૂધ પાછું કાઢે ત્યારે બાળકને દૂધ આપ્યાબાદ થોડોક સમય ઉભું રાખો. બાળકને તાવ આવે ત્યારે સામાન્ય રીતે ૧૦૪ ફે.થી વધે તો આંચકી આવવાનો ભય રહે છે, પરંતુ કેટલાંકને ૧૦૧ ફે. વધે તો પણ આંચકી આવે છે. આ સંજોગોમાં તાવ કોઈ પણ કારણસર આવતો હોય બાળકને ભીના કપડાથી સ્પન્જ કરો. ફેર ન પડે તો બરફનો ઉપયોગ કરવો. મોંદ્વારા પાણી વધારે પાવું અને લીંબુનું શરબત મીઠા તથા ખાંડ સાથે આપવું. બાળકને પેટનો આફરો ચડે ત્યારે પેટ ઉપર હિંગ લગાવવાથી રાહત થાય છે. પેશાબ ન થતો હોય અને પેઢુમાં પેશાબનો ભરાવો લાગે ત્યારે પેઢુ પર ગરમ પાણીની કોથળીનો શેક કરવો. શરદી, ગળામાં દુખાવા માટે ગરમ હૂંફાળા પાણીનો પીવા માટે ઉપયોગ કરવો. આમળા, નારંગી, લીંબુ જેવા ખાટાં ફળ લેવાં. ઉધરસ માટે હળદરનો ઉપયોગ કરવો. નાનાં બાળકોને આપણે ત્યાં ઘસારા પિવડાવવાનો રિવાજ પ્રચલિત છે. જેમાં કડુ, કરિયાતું, વાવડીંગ વગેરે આવે છે તે કરમિયા, મરડો વગેરે માટે ઉપયોગી ગણાય છે. નાના બાળકમાં અફીણનો ઉપયોગ કરવો નહી. બાળકને ભૂખ ન લાગતી હોય તો પીપરનો ઉપયોગ કરવાથી સારો ફાયદો થાય છે. અવારનવાર થતી શરદીમાં સાકર વંશલોચન, પિપર, એલચી, તજનું મિશ્રણ કરી મધમાં ચટાડવામાં આવે તો કફનો ભરાવો થતો નથી.

આપણા ત્યાં એક જમાનામાં ડોશીવૈદું તરીકે બાળકોની ચિકિત્સા ઘરનાં વડીલ માજી કરતાં પણ પાશ્ચાત્ય અસર આવતાં સંયુકત કુટુંબ તુટવા માંડયા છે અને ઘરગથ્થુ ઉપચાર ઓછા થવા માંડ્યાં છે. નાનાં બાળકોને નાના નાના પ્રશ્નો માટે દવાની જરૂર બહુ હોતી નથી. સ્વ–અનુભવ પરથી એવું કહું તો પણ ખોટું નથી કે વધારે પડતી દવાના ઉપયોગથી ઘણાપ્રશ્નો ઉદભવે છે.

# કાકા કાલેલકર

**૨૭. રાજદ્વારી કેદી**



## ગાંધી–ગંગા

(બે ભાગમાંથી પસંદ કરેલું આચમન)

સંપાદક : મહેન્દ્ર મેઘાણી

સ્વરાજય માટે મીઠાનો સત્યાગ્રહ શરૂ કરી ગાંધીજી ૧૯૩૦માં જેલમાં ગયા. સરકારે એમને યરવડા જેલમાં રાજદ્વારી કેદી તરીકે રાખ્યા હતા. તે વખતે એમની સાથે રાખવા માટે સરકારે મારી પસંદગી કરી અને મને સાબરમતી જેલમાંથી યરવડા મોકલી દેવામાં આવ્યો. ગાંધીજી જોડે તે વખતે હું પાંચ સવા પાંચ મહિના રહ્યો હોઈશ. એ હિલચાલમાં ગાંધીજી યરવડા જેલમાં સાડા આઠ મહિના રહ્યા.સરકાર સાથે ફાવ્યું નહીં એટલે ખાનગી મુલાકાતો લેવાની ગાંધીજીએ ના પાડી અને દર અઠવાડિયે અનેક લોકોને કાગળો લખવાનું ચાલુ રાખ્યું. આવી રીતે એમણે સેંકડો કાગળો મોકલ્યા. પણ ગાંધીજીની ચિત્તવૃત્તિ સોળે આના પરોવાયેલી રહેતી એમની કાંતવાની પ્રવૃત્તિમાં અને તકલી, રેંટિયો કે પીંજણમાં કરવાના સુધારાની ગડમથલમાં. જયારે તેઓ રેંટિયો એકાગ્રપણે ચલાવતા હતા ત્યારે એ કાંતણનો તાલબદ્ધ અવાજ જાણે અનુષ્ટુપ છંદમાં લખેલા 'મહાભારત'ના શ્લોકો સાંભળતા હોઈએ એવો મધુરો અને ભવ્ય લાગતો હતો.

આ દિવસો દરમિયાન જેલમાં બેઠાં બેઠાં એમણે નળિયાનાં કે ઘડાનાં ઠીકરાંમાંથી અને વાંસની સળીમાંથી કેટલીયે તકલીઓ જાતે તૈયાર કરી. જીવનચક્ર, ગાંડીવ, બારડોલી ચક્ર, ખેડૂતનો રેંટિયો વગેરે જાત જાતના ચરખાઓ એમની પાસે આવી પડ્યા હતા. ગાંધીજીએ દરેક રેંટિયાની ખૂબી અને ખામી તપાસી. અંતે પોતે એક સુંદર રેંટિયો શોધી કાઢ્યો. એને આજે યરવડા ચક્રનું નામ મળ્યું છે.

જેલમાં પહોંચતાંવેંત એમણે બહારથી પીંજણ મંગાવી અને પોતાની એક ઓરડીમાં છત સાથે ટીંગાડી, રૂ પીંજવાનું અને પૂણીઓ તૈયાર કરવાનું કામ તેઓ રીતસર કરવા લાગ્યા. આ રીતે તકલી અને રેંટિયો બનાવવાથી માંડીને રૂ પીંજવાનું, પૂણીઓ બનાવવાનું, સૂતરકાંતરવાનું, એનો આંક કાઢવાનું અને ટોપીઓ સીવવાનું, આવાં વિવિધ કામો તેમણે પૂરી એકાગ્રતાથી કર્યા.

પણ જેલમાં બેઠાં બેઠાં હિંદુસ્તાનના અસંખ્ય લોકોની અને એમનાં કુટુંબોની ચિંતા પણ બાપુજી કરતા. જેટલા કાગળો આવે તેટલા લોકોના વ્યકિતગત અને કૌટુંબિક સવાલોમાં ઊંડા ઊતરી શારીરિક, માનસિક અને આધ્યાત્મિક આરોગ્યનો એકસામટો વિચાર કરી તેઓ સલાહ આપતા.

## ૧૦૦ સિંહણનું માતૃત્વ

**શિશુવંદના**

**ગિજુભાઈ ભરાડ**

ગિરના જંગલોમાં મુખ્યત્વે સિંહણ જ પોતાના બચ્ચાંઓને જીવન જીવવાની તાલીમ આપે છે. બચ્ચાં નાના હોય છે ત્યારે તે માતાના દુધના પોષણ ઉપર જ નભે છે. તેમ તેમ સિંહણ એને પોતે કરેલા શિકારમાંથી માંસ ખાતા શીખવાડે છે. એક દિવસ એવો આવે છે. જયારે એને શિકાર શિખવાડવાનો પ્રસંગ આવે છે. ત્યારે સિંહણ શરૂઆતમાં જંગલમાં પશુઓને નહિવત ઘાયલ કરીને પોતાનાં બચ્ચાઓને સોપી દે છે. ગિરના જંગલમાં જેમણે સિંહણની શિક્ષણ પ્રણાલિકા વર્ષો સુધી જોઈ છે તેવા અભ્યાસીઓનું કહેવું છે કે મુખ્યત્વે સિંહણ પોતાના બચ્ચાને સ્વાવલંબન જ શીખવાડે છે. સિંહના અસ્તિત્વનો સૌથી મોટો શબ્દ કદાચ સ્વાવલંબન છે. એની સર્વશકિતઓ, ગૌરવ, આત્મવિશ્વાસ અને સંપૂર્ણ જીવનશૈલી સ્વાવલંબન પર નિર્ભર છે. મનુષ્ય લગભગ પરાવલંબી પ્રાણી થતુ જાય છે, આપણે સિંહ પરિવાર પાસેથી સ્વાવલંબન શીખવાની અને આપણા બાળકોને શીખવાડવાની જરૂર છે.

## હું શું બનીશ ?



કંપની સેક્રેટરી બનીને સંસ્થા સંચાલન કરીશકોઈ પણ મોટા ઉદ્યોગ કે કંપનીનું નાણાકીય તથા કાયદાકીય સંચાલન કોણ કરતું હશે તેવો સવાલ મારા મનમાં આવ્યો.મારા પપ્પા અમને બન્ને ભાઈ–બહેનને એક મોટી પ્રાઈવેટ લિમિટેડ કંપનીમાં લઈ ગયા.સરસ મજાની એ.સી. ચેમ્બરમાં એક બહેનની મુલાકાત કરાવી. તે બહેન રશ્મિ કાપડિયા ત્યાં કંપની સેક્રેટરી તરીકે કામ કરતાં હતાં.

રશ્મિબહેન સાથે અમારી વાતચીત ચાલતાં તેમણે કહ્યું, 'બાલદોસ્તો, હું તમારી જેમ નાનકડી હતી ત્યારે મને થતું કે આવી મોટી કંપનીનું સંચાલન મારે કરવું છે. હું શાળામાં ભણવામાં ભલે નંબર ન લાવી શકતી પણ ધો.૧૨ કોમર્સ પાસકરીને હું B.Com ભણવા કાલેજ જવા લાગી. સાથોસાથ મેં કંપની સેક્રેટરીનો કોર્સ શરૂ કર્યો. મારી ચીબાવલી બહેન બોલી ઊઠી; ' 'બહેન, પણ એક સાથે બે કાલેજમાં કેવી રીતે જતા !''CS કોર્સ ઘેર બેસીને થાય છે. તેની કોઈ કાલેજ દેશમાં નથી. B.Com ભણવાની સાથે આ કોર્સ બે–ત્રણ વર્ષમાં પૂરો કરીને, આવી કંપનીમાં એક સાથે કામ કરવાની ક્ષમતા કેળવી શકાય છે.રશ્મિબહેનનો માન–મરતબો, પગાર અને હોદ્દો જોઈને અમો બન્ને ભાઈ–બહેન કંપની સેક્રેટરીનું ભણવાના છીએ અને એ માટે ધો. ૧૦ પછી સામાન્ય પ્રવાહમાં ધો. ૧૨ ભણીને કાલેજ સાથે કંપની સેક્રેટરીનું ભણીશું.કંપની સેક્રેટરી ભણીને મોટીમસ કંપનીમાં અમે જોડાઈએ તે પછી તમો અમારી કંપની વિશેની જાણકારી લેવા આવશોને ?

## ઓમકાર શું છે ?

માંડૂકય ઉપનિષદમાં ઓમકારને આ રીતે વ્યાખ્યાયીત કરી સમજાવેલ છે: 'ઉપનિષદ રૂપી બળવાન શસ્ત્ર ધારણ કરનારે ધ્યાનથી તીક્ષ્ણ બનાવેલું તીર તેના ઉપર ચઢાવવું જોઈએ. ચિંતનથી બરાબર ખેંચી નિશાન લેવું જોઈએ કે જેથી લક્ષ્યસ્થાનરૂપ અવિનાશી પરમાત્મામાં ભળી શકાય. દિવ્ય શબ્દ ૐ ધનુષ છે, આત્મા તીર છે, બ્રહ્મ લક્ષ્ય છે. એકાગ્ર ચિત્ત ધરાવતો મનુષ્ય જ બ્રહ્મમાં પ્રવેશી શકે છે. તે માટે ધનુષમાં તીર યોગ્ય રીતે ગોઠવાઈને લક્ષ્ય તરફ ગતિ કરે છે તેવી રીતે સાધકે એકાગ્ર થઈ ગતિ કરવી જોઈએ.





બાલમિત્રો,

જીવન કર્મનું મહત્વ છે. કર્મ એટલે કામ, કાર્ય બાલમિત્રો તમારૂ કામ કાર્ય છે. અભ્યાસ કરવાનું વિદ્યાર્થી અવસ્થામાં અભ્યાસ જ મહત્વ ધરાવે છે. જેનાથી તમારા જીવનમાં અનેક દિશાઓ ક્ષેત્રો ખુલશે જેનાથી તમારૂ જીવન બનવાનું છે. જીવનમાં કયારેય કર્મ, કાર્ય, મહેનત વિના સફળતા મળતી નથી. સફળ બનવું હોય તો પુરૂષાર્થ મહેનત કરવી જ પડે.

અત્યારે જયારે આ બાલ એકસપ્રેસ તમે વાંચશો. પછી તમારી સત્રાંત પરિક્ષાઓ શરૂ થવાની છે. તૈયારીમાં લાગી જજો. છ મહિના ભણ્યાં છો તેનું પુનરાવર્તન કરી લેજો. નોટબુકસ વાંચજો, મિત્રોને શિક્ષકને પૂછી લેવું જો સમજ ન પડે તો રમત, ઝઘડવાનું, ઉંઘવાનું ઓછું કરી મહેનત કરજો. અને ખાસ વાત એક કહેવાની કે મોબાઈલને અલવિદા, આપને કહી દેજો.

## હો આંબાભાઈ, હો લીંબાભાઈ

## બાલ કથાઓ



ગિજુભાઈ બધેકા

(બાલ સાહિત્યના બ્રહ્મા)

એક હતો રાજા. એને સાત રાણીઓ, છ માનીતી ને એક અણમાનીતી.માનીતી રાણીઓને તો મોટા મોટા બંગલા ને મજાનાં રૂપાળાં દીવાનખાનાં ! અંદર હાંડીઓને ઝુમ્મરોનો તો કોઈ પાર નહિ. નોકર, ચાકર અને દાસદાસીઓ તો કેટલાંય બધાં.બિચારી અણમાનીતીને તો ભૂંડુ ભૂખ ઝૂંપડું, અંદર બે હાંડલાં ને એક ભૂંડી ભૂખ જેવી દાસી.અણમાનીતીના દુઃખનો તો કોઈ પાર નહિ. કેમે કરી દિવસ ન ખૂટે. રાત ખૂટે તો દિવસ ન ખૂટે, ને દિવસ ખૂટે તો રાત ન ખૂટે. બિચારી રોઈ રોઈને દિવસ કાઢે.અણમાનીતી એક દિવસ વિચારે : 'આમ રોયા કઢું છું તે લાવને કંઈક કામ કરૂ કે દિવસ તો જાય !' દાસીને કહે : 'દાસી ! જા, ગામમાંથી હીર લઈ આવ. મારે રૂમાલ ભરવો છે.' દાસી તો જાતજાતનાને ભાતભાતના હીરના દોરા લઈ આવી.રાણીએ તો રૂમાલ ભરવો શરૂ કર્યો. દિવસ આખો રૂમાલ જ ભર્યા કરે. રાતેય પૂરૂ ઊંઘે નહિ. દિવસને રાત કયાં જાય છે, એની રાણીને ખબર ન પડે.રૂમાલમાં તો રાણીએ મોરને પોપટ, મેનાને હંસ, એવાં–એવાં પક્ષીઓ ભર્યાં. જાતજાતનાં ફૂલો પણ ભર્યાં. ફરતી રૂપાળી લીલી એવી વેલ કાઢી.એક વરસ થયું એટલે રૂમાલ ભરાઈને પૂરો થયો.રાણીએ તો રૂમાલને બારણામાં પડદાની જેમ ટાંગ્યો. રાજા ત્યાંથી ફરવા નીકળ્યો. રૂમાલ જોઈને રાજા તો અજાયબ થઈ ગયો.રાજા કહે: ' આ આવો રૂમાલ કોણે ભર્યો હશે ? આવો તો કોઈ દિવસ જોયો નહોતો.'રાજા ચાકરોને કહે : 'તપાસ તો કરો, એ કોનું ઘર છે ને રૂમાલ કોણે ભર્યો છે ?'ત્યાં તો એ અણમાનીતીનું જ ઘર નીકળ્યું, ને એણે જ એ ભરેલો !રાજા તો રાણી ઉપર ખુશ ખુશ થઈ ગયો. એ તો રોજ અણમાનીતીને ત્યાં આવે, બેસે ને વાતો કરે. કોઈ વાર એને ત્યાં ખાય પણ ખરો. રાજા તો માનીતી રાણીઓને ભૂલી જ ગયો !એમ કરતાં કરતાં અણમાનીતીને દીકરો આવવાનો વખત થયો. પેલી માનીતી રાણીઓ કહે : 'હવે આ અણમાનીતીના છોકરાને મારી નાખવો જોઈએ. નહિતર તો એ રાજનો ધણી તાપી અને આપણે તો ભૂંડે હાલે રખડશું.એમણે તો એક સુયાણીને બોલાવીને કહ્યું: 'જોજે, પેલી અણમાનીતીને છોકરો આવે એટલે રાણીની આંખે પાટા બાંધજે ન છોકરાને બાગમાં દાટી આવજે, જોજે ભૂલી છે તો ! આ લે સો રૂપિયા લેતી જા. પછી વળી બીજા દેશું.

અણમાનીતીને છોકરો આવ્યો, રૂડોરૂપાળો પૂનમના ચાંદા જેવો !રાંડ સુયાણીએ તો રાણીની આંખે પાટા બાંધી દીધા, દીકરાને લઈને બાગમાં દાટી આવી અને રાણીના પડખામાં મોટો બધો પાણો મૂકી દીધો !રાજા કહે : 'રાણીને શું અવતર્યું ?' સુયાણી કહે : 'અણમાનીતીને શું આવવાનું હતું ? આવ્યો છે મોટો પાણો. બીજું તે શું આવે ? રાજાને શી ખબર પડે ? રાજા જાણે એમ હશે. રાજા હે : 'ઠીક.'વળી બે વરસ થયાં ત્યાં તો અણમાનીતીને બીજો કુંવર આવ્યો. કાંઈ રૂપાળો ! વાત કરો મા. પણ રાંડ સુયાણીએ એનેય બાગમાં દાટી દીધો. આંખે પાટા જ બાંધી રાખ્યા. રાજાએ પૂછ્યું : 'કેમ, આ વખતે શા ખબર છે ?'સુયાણી કહે : ' બીજા શા હોય ? અણમાનીતીને પેટ તો પથરા જ હોય ના ?' રાજા બિચારો ભોળો હશે. એણે એ સાચું માન્યું.એમ કરતાં અણમાનીતીને છ કુંવરોને સાતમી એક કુંવરી આવી. કુંવરો તો જાણે સૂરજ જેવા, ને કુંવરી તો એવી કે ઈન્દ્રના ઘરની અપ્સરા ! સુયાણીને કાંઈ દયા હતી ? એણે તો એક પછી એક બધાંયને દાટી દીધાં.બાગમાં તો સાત ઝાડ ઊગ્યાં : છ આંબાનાં ને એક એલચીનું : છ ભાઈનાં ને એક બહેનનું.એક વાર સવારમાં ભંગી બાગમાં વાળતો હતો. ત્યાં એનો સાવરણો એલચીના ઝાડને અડી ગયો, ત્યાં તો છોડ બોલ્યો :'હો આંબાભાઈ, હો લીંબાભાઈ !એક એલચીબેનને કોણ હલાવે ?' આંબો કહે :'ખમા મારી બે'ન બા ! એ તો આપણો ભંગી છે.' ભંગી તો જઈને જમાદારને કહે : 'જમાદાર, જમાદાર ! જોવા તો ચાલો ! પણે કંઈક કૌતુક છે. માળું ઝાડ બોલે છે !'જમાદાર એલચીના છોડને જઈને જયાં અડે છે ત્યાં એલચીનો છોડ તો બોલ્યો :'હો આંબાભાઈ, હો લીંબાભાઈ !એક એલચડીબેનને કોણ હલાવે ?'આંબો કહે :'ખમા મારી બે'ન બા !એ તો આપણા જમાદાર છે. જમાદાર કહે : 'અરે માળું ! આ તો કંઈક છે.'

એણે તો જઈને ફોજદારને કહ્યું. ફોજદાર આવીને એલચીને હલાવે ત્યાં તો :'હો આંબાભાઈ, હો લીંબાભાઈ !

એક એલચીબેનને કોણ હલાવે ?' ફોજદારે તો પ્રધાનને વાત કરીને પ્રધાને રાજાને વાત કરી.રાજા પોતે જાતે આવ્યોને એલચીને હલાવી. ત્યાં તો અંદરથી બોલ્યું :'હો આંબાભાઈ, હો લીંબાભાઈ !એક એલચીબેનને કોણ હલાવે ?'ત્યાં તો આંબો હસીને બોલ્યો : 'ખમા, મારી બે'ન બા !એ તો આપણા બાપુ છે.' રાજા તો વિસ્મય પામ્યો.ત્યાં તો માનીતી રાણીઓય આવી. એક જણીએ હલાવ્યું ત્યાં ઝાડ બોલ્યું :'હો આંબાભાઈ, હો લીંબાભાઈ !એક એલચીબેનને કોણ હલાવે ?'ત્યાં તો આંબો બોલ્યો : 'ખમા, મારી બે'ન બા !એ તો આપણી વેરણ મા છે.

રાજા તો સાંભળી રાતોચોળ થઈ ગયો. માનીતી રાણી પણ ભોંઠી પડી ગઈ !વળી બીજી માનીતી રાણીઓ અડી તો એમણે પણ એવ જ સાંભળ્યું.ત્યાં તો હળવેક દઈને અણમાનીતી રાણી એલચીના છોડને અડી એટલે વળી એલચીનો છોડ બોલ્યો :'હો આંબાભાઈ, હો લીંબાભાઈ !એક એલચીબેનને કોણ હલાવે ?' આંબો કહે :' ખમા, મારી બે'ન બા !એ તો આપણી માડી છે.' રાજા તો વિચારમાં પડી ગયો.અણમાનીતી રાણી કહે : 'અરે, અહીં મારાં છોકરાં કયાંથી ?'રાજાએ તો સુયાણીને બોલાવીને કહ્યું : 'માની જા, મહિતર ઘાણીએ ઘાલીને તેલ કાઢીશ. બોલ, સાચી વાત શી ??'સુયાણી બધું માની ગઈ. પછી તો આંબા નીચેથી ભાઈ નીકળ્યા ને એલચી નીચેથી બહેન નીકળી. બધાં રાજી રાજી થઈ ગયાં.રાજાએ તો બધી માનીતીઓને માથે મૂંડા કરાવી, ખડી પોપડાવી, અવળે ગધેડે બેસાડી કાઢી મૂકી : ને અણમાનીતી રાણીને માનીતી કરીને રાખી.ખાધું, પીધું ને રાજ કર્યું.

# અમરેલી : સેતુ ગરબા મહોત્સવમાં SHE ટીમ મહિલા કર્મચારીઓનું સન્માન






અમરેલી જિલ્લા પોલીસ દ્વારા યોજાયેલા ''સેતુ ગરબા મહોત્સવ –૨૦૨૫''માંમહિલાસુરક્ષાઅનેશાંતિ જાળવવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવતાSHEટીમનીકામગીરીનેખાસ માન અપાયું. કાર્યક્રમ દરમિયાન ત્રીજા દિવસે SHE ટીમમાં કાર્યરત મહિલા પોલીસ કર્મચારીઓનું સન્માન કરીને તેમનો હકસલો વધારાયો. સેતુ ગરબા મહોત્સવમાંહજારોલોકોનીઉપસ્થિતિરહે છે અને આ દરમિયાન crowd management, સુરક્ષા અને લોકસમુદાય સાથે સંપર્ક જાળવવો મહત્વપૂર્ણરહેછે. SHE ટીમનામહિલા પોલીસ કર્મચારીઓએ આ સમયમાં સુરક્ષા વ્યવસ્થા મજબૂત રાખવામાં અને મહિલાઓ અને બાળકો માટે સુરક્ષિત વાતાવરણ પ્રદાન કરવામાં અગત્યની ભૂમિકા ભજવી. તેઓએ કાર્યક્રમ દરમિયાન શાંતિ, વ્યવસ્થા અને ન્યાય સુનિશ્ચિત કરવા માટે મહેનત કરી, જેના કારણેમહોત્સવસફળતાપૂર્વકઅનેવિના કોઈ મોટી પરિસ્થિતિ સર્જાય પૂર્ણ થયો. સન્માનસમારોહમાંજિલ્લાપોલીસવડાઅને ઉચ્ચ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા. તેમણેSHEટીમનામહિલાકર્મચારીઓને તેમના સેવાભાવ, ધીરજ અને સંઘર્ષ માટે પ્રેરણા આપી અને સન્માન પત્રો તેમજ સમ્માનચિહ્નોદ્વારાતેમનેમાન્યતાઆપી. આ ઘટનાએ મહિલા પોલીસ કર્મચારીઓમાં ફરજપ્રત્યેનવીઉર્જાજગાવીછે. આપ્રકારના સન્માન કાર્યક્રમ માત્ર મહિલાઓને પ્રોત્સાહિત જ નથી કરતા, પરંતુ સમૂહમાં મહિલાઓનીસુરક્ષામાટેતેમનીમહત્વપૂર્ણ ભૂમિકા અને સમાજમાં મહિલાઓના પ્રતિષ્ઠાનું પ્રતિબિંબ પણ બને છે. સેતુ ગરબા મહોત્સવ – ૨૦૨૫માં SHE ટીમનામહિલાઓનુંસન્માનએમહિલા સુરક્ષાઅનેપોલીસસેવાક્ષેત્રેએકનવી પ્રેરણાનુંપ્રતિકબનીગયુંછે.

## ભગતસિંહ યુવા ગૃપ દ્વારા સાવરકુંડલા ખાતે રાષ્ટ્રભકિતની થીમ સાથે નવરાત્રિની ઉજવણી

### સમગ્ર શહેરમાં આકર્ષણ ઉભુ થયુ



સાવરકુંડલા, તા. ૨૬

સમગ્ર રાષ્ટ્રમાં આસો નવરાત્રિની ભકિત ભાવપૂર્વક ઉજવણી થઈ રહીછે ત્યારે સાવરકુંડલા શહેર ખાતે પણ વિવિધ ગરબી મંડળ દ્વારા માતાજીની ભકિત ભાવપૂર્વક ઉજવણી કરવામાં આવીરહીછે જેમાં શહેરભરમાં આકર્ષણ રૂપ સાવરકુંડલાનાં સર્વોદય નગર પાસે આવેલા મેલડી ચોક ખાતેની ભગતસિંહ યુવા ગ્રુપ આયોજિત ગરબી બની છે ભગતસિંહ યુવા ગ્રુપ દ્વારા રાષ્ટ્રભકિતની થીમ સાથે માતાજીની આરાધના કરવામાં આવીરહીછે અહીં મેલડી માતાજીની પૂરા કદની આકર્ષક મૂર્તિ દર્શનાર્થે ખુલ્લી મુકવામાં આવી છે જયારે જય ભારત રાસ મંડળના નાના ભૂલકાઓ દ્વારા તિરંગા ધ્વજની ડિઝાઈન પર બનાવેલા કેડિયું અને ચોરણી સાથેના સંપૂર્ણ ગોવાળિયાના ડ્રેસ સાથે પ્રાચીન ગરબા રમવામાં આવી રહ્યા છે જય ભારત રાસ મંડળમાં માત્ર અઢી વર્ષના નાના શિશુથી લઈ બાર વર્ષના બાળકોએ રાષ્ટ્ર ધ્વજની થીમ સાથે રમાતા ગરબા એ સમગ્ર શહેરમાં આકર્ષણ ઊભું કર્યુ છે જેથી દરરોજ મોટી સંખ્યામાં શહેરીજનો અહી ઉમટી પડે છે અહીં દર્શનાર્થે આવતા વડીલો સાથે આવતા નાના ભૂલકાઓ માટે મેલડી ચોકમાં જ બે જમ્પિંગ સ્પોટ પણ ઉભા કરવામાં એમ દીપકભાઈ પાંધીએ એક યાદીમાં જણાવ્યું હતું.

## પાના ૮ ઉપરનું ચાલું બાબરામાં હડકાયા બનેલ શ્વાને

કારણે બાળકો તેમજ વૃદ્ધ લોકો બહાર નીકળતા બંધ થયા છે, બાળકો શેરીમાં રમતા ઓછા જોવા મળી રહ્યા છે.

બાબરા જીવદયા પરિવારના ગજેન્દ્રભાઈ શેખવાએ જણાવ્યું હતું કે પશુઓમાં હડકવા જોવા મળતો હોય છે પણ તેનો કોઈ ઈલાજ નહિ હોવાથી તેને મહામુસીબતે પકડી અવાવરૂં જગ્યાએ બાંધી દેવામાં આવે અને બે ત્રણ દિવસમાં એ હડકાયા પશુનું મોત નિપજે છે.

શહેરમાં ાનની સાથે ગૌવંશમાં ગાય, વાછરડા અને આખલા વધુ જોવા મળે છે. એક મહિનામાં ૧૨ થી વધુ આખલા હડકાયા થયા હતા જેને જીવદયા પરિવારના લોકો નગરપાલિકાના સહકારી અન્ય અવાવરૂં જગ્યાએ લઈ જઈ બાંધી દે છે જેથી અન્ય વ્યકિત કે પશુઓને નુકસાન ન કરે.

આ જવાબદારી પાલિકાની હોય છે પણ પાલિકા વાળા સીધી જવાબદારી નિભાવતા નથી જેથી શહેરના લોકો જીવદયા પરિવારને ફોન કરી જાણ કરે છે. નગરપાલિકાનું તંત્ર માત્ર જીસીબી સહિતના સાધનો આપી સહકાર આપે છે તેવું અંતમાં જણાવ્યું હતું.

હાલ બાબરામાં હડકાયા ાનની સાથે હડકાયા આખલાએ શહેરમાં લોકોની ઉંઘ ઉડાડી દીધી છે. નવથી વધુ લોકોને હડકાયા ાને બચકા ભરી લેતા લોકો વધુ ચિંતાતુર બન્યા છે.

## પાના ૧ ઉપરનું ચાલું ભાજપા પ્રદેશ પ્રમુખ સી.આર. પાટિલ

ઓડિયોમાં સી.આર. પાટીલ કૌશિક વેકરીયાને ખખડાવતા કહે છે કે, ''તને કોલ કર્યો, વોટ્સએપ કર્યો પણ તારો કોલ ન આવ્યો.'' તેઓ આ વાત કરતા આક્ષેપ કરે છે કે લીલીયા વાળું કોઈ કાર્ય ''શોર્ટઆઉટ'' કરાવી દીધું છે, જે અધિકારીઓ સુધી પહોંચી છે. પાટીલ નોંધાવે છે કે કૌશિક વેકરીયાએ આ બાબત વિશે યોગ્ય રીતે જાણ કરવી જોઈએ હતી. પાટીલ આ સંવાદમાં ઉમેરે છે કે, ''તું જો આ રીતે ધ્યાન નહી આપશે તો તારા વિસ્તારમાં મુશ્કેલીઓ વધી શકે છે'' અને સાથે કહે છે કે ''એક સમય હતો તારી છાપ સારી હતી, હવે ધીમે ધીમે બગડતી જાય છે.''

વેકરીયા આ સંવાદમાં સ્વીકાર કરે છે કે તેણે આ બાબત પૂરતું ધ્યાન ન આપ્યું અને પ્રતિજ્ઞા કરે છે કે આગળથી વધુ સક્રિય રહેશે. પાટીલ તેમને સાવચેતી આપે છે કે આગામી સમયમાં સુધારો ન થયો તો તકલીફ ઉભી થઈ શકે છે. તે ઓડિયોમાં જણાવ્યું છે કે ''તારા ઘણા દુશ્મનો છે'' અને કૌશિક સ્વીકાર કરે છે કે ''ચારેય બાજુ મોટાં નેતાઓ દુશ્મન છે.''

આ સંવાદના વાયરલ થતા અમરેલીમાં રાજકીય તોફાન ઊભું થયું છે. સ્થાનિક જનતા, રાજકીય વર્ગ અને મિડિયા આ ઘટનાને લઈને ચર્ચામાં છે. સૌથી મોટું સવાલ એ રહ્યું છે કે આ ઓડિયો કયાંથી અને કોણે વાયરલ કર્યો. અમરેલીના રાજકીય વોટ્સએપમાં આ મુદ્દે અલગ અલગ ગોઠવણીઓ ચાલી રહી છે. હજુ સુધી મિડિયા દ્વારા આ ઓડિયોની સત્તાવાર પુષ્ટિ નથી થઈ શકી છે.

## પાના ૮ ઉપરનું ચાલું અંગ્રેજીમાં જાહેર ખબર પ્રસિધ્ધ કરાવી

નવીનીકરણ કરવામાં આવે. અહીં ઘણી સરકારી ફાજલ જમીનનો ઉપયોગ પણ લોકહિત માટે થાય. તેમજ હાથસણી રોડને નગરપાલિકા હસ્તક લઈ તેને શહેરી કરણના વિકાસ સંદર્ભે ફૂટપાથ સાથે પહોળો કરવામાં આવે, તો શહેરની મધ્યમાં આવેલા દરબાર ગઢનું રીનોવેશન અને નવીનીકરણ કરવામાં આવે. મહુવા રોડ પર આવેલા ગિરધરવાવનો વિકાસ થાય એને ટુરીઝમ ડેવલપમેન્ટ તરીકે યોગ્ય રીતે વિકસાવવામાં આવે એવુ પણ લોકો ઈચ્છી રહ્યા છે. શહેરમાં વિવિધ સ્થળોએ પિકઅપ સ્ટેન્ડ બને. અને મહુવા રોડ પર મામલતદાર કચેરી સામે આવેલ સિનિયર સિટીઝન પાર્કને લોકો માટે ખુલ્લો મૂકવામાં આવે. સાવરકુંડલા શહેરને અમરેલી નેસડી અને મહુવા રોડ સાથે બાયપાસ રીંગરોડ પણ બનાવવાનું જરૂરી વિભાગો સાથે સંકલન કરીને યુધ્ધના ધોરણે આયોજન કરવામાં આવે જવા અનેક મુદ્દાઓ પ્રત્યે સવિસ્તર ગહન ચિંતન કરી યોગ્ય અમલીકરણ થાય. સાવરકુંડલા શહેરમાં હાઈજેનિક સુવિધાસભર શાક માર્કેટનું નિર્માણ થાય.

સાવરકુંડલા નગરપાલિકા હસ્તકની લાયબ્રેરી ડીઝીટલ થાય અને તેના બિલ્ડિંગનું વિસ્તરણ બે માળ સાથે કરવામાં આવે તો સાવરકુંડલાના ગરીબ અને મધ્યમ વર્ગના વિદ્યાર્થીઓને વાંચન માટે પર્યાપ્ત સુવિધા ઉપલબ્ધ થયા આ લાયબ્રેરી વિદ્યાર્થીઓ માટે ચોવીસે કલાક ખુલ્લી રહે એ પણ શહેરના બુધ્ધિધનના શ્રેષ્ઠ શૈક્ષણિક વિકાસ માટે જરૂરી છે. સાવરકુંડલા શહેરના ખરા અર્થમાં જે બુધ્ધિજીવો છે એમની સાથે પણ સાવરકુંડલાના સમતોલ વિકાસ માટે જરૂરી સૂચનો સાથે ચર્ચા વિચારણા થાય.

## અવસાન નોંધ

**વડિયા :** વડિયા નિવાસી શ્રી ચંદ્રેશભાઈ મણીલાલ દોશી (ઉ. વર્ષ ૭૮) તે મણિલાલ માવજીભાઈ દોશીના સુપુત્ર દિવ્યાંગ ભાઈ, કૌશિકાબેન, મનિષાબેન તથા જિગીશાબેનના પિતાશ્રી, અનંતરાય, ઈન્દુબેન, જયશ્રીબેન તથા સ્વ. રંજનબેનના ભાઈ, યાત્રીબેન ઘેલાણીના દાદાનું દુઃખદ અવસાન તારીખ ૨૫/૯/૨૫ ને ગુરૂવારના રોજ થયેલ છે.

જેની પ્રાર્થના સભા તારીખ ૨૯/૯/૨૫ ને સોમવારે પટેલ વાડી, ભવાની ચોક, વડિયા મુકામે સવારે ૧૦ થી ૧૨ કલાકે રાખેલ છે.

## પાના ૧ ઉપરનું ચાલું અમરેલીમાં ગોકળગાયને પણ

મોટુ બોર્ડ સૌ કોઈ નિહાળી શકે તે રીતે લગાવવાનું હોય છે તે નિયમનો ઉલાળીયો થઈ રહ્યો છે.

તાજેતરમાં ચિતલ રોડ અંગેની માહિતી દર્શાવતું બોર્ડ કોઈને નજરે ચડે નહી તે રીતે લગાવાયું અને નાગરિકને કયાં નંબર ઉપર ફરિયાદ કરવી તેનો પણ કોઈ ઉલ્લેખ નથી. જનતા જનાર્દનનાં અંદાજિત ૭૦ થી ૮૦ કરોડનાં ખર્ચે વિવિધ રોડ બની રહ્યા છે અને સૌ એજન્સી સાથે ટકાવારીમાં મશગુલ જોવા મળી રહ્યા છે.

અમરેલીનાં રાજકીય આગેવાનો આપસી મતભેદમાં મશગુલ હોય સૌને પોતાનાં મહત્વની પડી છે. જનતા જનાર્દન કેવી રીતે મુશ્કેલીનો સામનો કરે છે તે અંગે કોઈ ચિંતા કરતું નથી. શહેરની દોઢ લાખની જનસંખ્યા શાસકોની ગુનાહિત બેદરકારીનો કારણ વગર ભોગ બની રહી છે.

## પાના ૧ ઉપરનું ચાલું ગીર ગઢીયા ગામનાં મહંત

હતી. જયારે આ બનાવમાં ઘવાયેલા મહંતને સારવાર માટે અમરેલીના સરકારી દવાખાને ખસેડવામાં આવ્યા છે. મહંતના જણાવ્યા અનુસાર આ પંથકના કેટલાંક શખ્સો દ્વારા છાશવારે તેમને આ જગ્યા છોડી જવા ધાકધમકીઓ આપતાનું મીડિયાને જણાવ્યું હતું.

આ બનાવ અંગે ધારી પોલીસનો સંપર્ક કરતાં આ બનાવમાં કાર્યવાહી શરૂ હોવાનું જણાવાયું હતું. મહંત હર્ષદબાપુએ નોંધાવેલ ફરિયાદમાં જણાવ્યું કે, આશ્રમની બાજુમા રહેતા ગઢીયા ગામના દાદભાઈ કથાભાઈ માંજરીયા તેના હાથમા તલવાર લઈ ને તથા તેના ભાઈ પહુભાઈ કથાભાઈ માંજરીયા તેના હાથમા કુહાડી લઈ આવેલા અને એકદમ થી મને કહેવા લાગેલ કે આ જે.સી.બી કોને પુછીને ચાલુ કર્યુ છે અહીંયા કોઈ પણ કામ કરવાનુ નથી અહી થી વયો જા અને આ જગ્યા ખાલી કરી દે નહીતર મારી નાખી સળગાવી દઈશ તારા હાડકા હાથમા નહી આવવા દઉ તેમ કહેતા હું આ બંન્ને ભાઈઓને સમજાવવા જતા તે લોકો સમજેલ નહી અને ગાળો બોલવા લાગેલ જેથી હુ મારા આશ્રમની અંદર કપડા પહેરવા માટે ગયેલ ત્યારે આ બંન્ને ભાઈઓએ બીજા બે અજાણ્યા માણસોને આશ્રમની અંદર બોલાવેલા જે હું કપડા પહેરીને આશ્રમના હોલ પાસે ઉભો હતો ત્યારે આશ્રમ પાછળથી બીજા બે અજાણ્યા માણસો મારી પાસે આવી ગયેલ જે અજાણ્યા માણસોને હુ ઓળખતો નથી પરંતુ હું તેને જોયેથી ઓળખી જાવ જે બે જણા માથી એક આશરે ચાલીસેક વર્ષ ની ઉમરના મજબુત બાંધાના હતા તથા બીજા ભાઈ આશરે સત્તાવીસ થી અઠ્ઠાવીસ વર્ષ ના હતા જે બંન્નેના લોખંડની પાઈપ હતી જે ચારેય લોકો બહાર ઉભા ઉભા મને ગાળો દેવા લાગેલા જેથી હું હોલની બહાર નીકળી તેને સમજાવવા જતા આ ચારેય એકદમ ઉશ્કેરાય ગયેલ અને મારી સાથે મારા–મારી કરવા લાગેલ જેમા દાદભાઈએ તેના હાથમા રહેલા તલવારથી મારા માથાના ભાગે મને મારી નાખવાના ઈરાદે ઘા કરતા હું નીચે પડી ગયેલ અને બે શુધ્ધ જેવો થઈ જતા આ ચારેયે મને આડેધડ પડખામા પાટા મારેલ છે જેનો મને બોવ દુખાવો થાય છે અને મને માર મારવા લાગેલ તેદરમ્યાન ગઢીયાના દીપભાઈ આપાભાઈ વાળા આવી ગયેલ અને તે વચ્ચે પડી મને બચાવવા જતા આ ચારેય દીપુભાઈ ને પણ માર મારવા લાગેલ તેદરમ્યાન આશ્રમમા દર્શને આવેલ દર્શનાર્થી પ્રકાશભાઈ વનમાળીદાસ કારીયા તથા શિવરાજભાઈ વાળા રહે. નાની ધારી વાળા આવી ગયેલ અને મને વધુ માર માથી છોડાવેલ અને મને દવાખાને ધારી લઈ જતા હતા ત્યા રે મે જોયેલ તો મારા ગળામા પહેરેલ સોનાનો ચેઈન મને જોવામા આવેલ નહી તે બાદ મને દવાખાને લઈ જતા હતા ત્યારે આ ચારેય લોકો મને જાનથી મારી નાખવાની ધમકી આપતા આપતા જતા રહેલ અને મને ૧૦૮ મા ધારી દવાખાને લઈ જતા હતા ત્યારે ૧૦૮ બંધ પડતા જીરા ગામેથી મને પ્રા.વાહન મા ધારી સરકારી દવાખાને લઈ ગયેલ અને ત્યાથી વધુ સારવારમાં અહી અમરેલી દવાખાને લાવેલા છે હાલ મારી સારવાર શરૂ છે તેમ અંતમાં જણાવેલ છે.

## પાના ૮ ઉપરનું ચાલું ખાંભાનાં નાના બારમણ ગામમાં

દ્રશ્યનો વીડિયો તૈયાર કર્યો, જે સીધી રીતે સીસીટીવીમાં કેદ થઈ ગયો. વીડિયોમાં સ્પષ્ટ જોવા મળે છે કે બંને સિંહ ગૌરવભેરતા સાથે શેરીમાં ફરતા અને શિકાર શોધી રહ્યા છે.

પરિસ્થિતિને ધ્યાનમાં લઈને સ્થાનિક લોકો તુરંત જ ફોરેસ્ટ ડિપાર્ટમેન્ટને જાણ કરી. તાત્કાલિક પ્રતિક્રિયા રૂપે વનવિભાગના કર્મચારીઓ ઘટના સ્થળ પર પહોંચ્યા અને સિંહોને ગામમાંથી દૂર ખેંચવા માટે પગલાં લીધા. સિંહોની આ હલચલના કારણે ગામના લોકોમાં આ ઘટનાને લઈને ભયનો માહોલ બની ગયો છે.

વન વિભાગે આ ઘટના અંગે જણાવ્યું કે, આ સિંહો કદાચ તેમની કુદરતી જીવનશૈલીમાં વિસ્તરણ દરમિયાન ગામની તરફ આવી ગયા હતા. વનવિભાગએ ગ્રામજનોને સાવધ રહેવા અને સિંહોની સુરક્ષા માટે અધિકારીય માર્ગદર્શિકાનું પાલન કરવા સૂચન આપ્યું છે.

નાના બારમણ ગામમાં સિંહોની આ લટાર પ્રકૃતિ અને માનવજીવન વચ્ચેના જટિલ સંબંધને ફરીથી ઊભું કરે છે, અને ગ્રામ્ય વિસ્તારના જીવનમાં વન્યજીવનના સંવેદનશીલ મુદ્દાઓ પર વિચાર કરવા માટે મજબૂત સંકેત આપે છે.

## પાના ૮ ઉપરનું ચાલું જાફરાબાદનાં રાજુલા માર્ગ ઉપર

મસમોટા ખાડાઓ પડ્યા હોય આ પડેલા ખાડાઓના કારણે અમૂલ્ય જીંદગીઓ છીનવાઈ રહી હોય હોય છે. પેટ્રોલ ડીઝલ પર આકરો કરવેરા વસૂલ્યા બાદ પણ સરકાર માર્ગોની સુવિધાઓ નબળી જનતા જનાર્દન પાસેથી દરેક સ્તરે ટેક્સ લેવાનું શરૂ કરીને સુવિધા આપવામાં થતા ઠાગાઠૈયા યોગ્ય નથી ગુલબાંગો બંધ કરીને માર્ગોની સમસ્યા દૂર કરવામાં ધ્યાન આપે તે જરૂરી છે. હાલ મચ્છીમારી સિઝન ચાલું હોય આ રોડ ઉપરથી રાત્રીના સમયે આ પડેલા ખાડાઓના કારણે ન કરે નારાયણને કોઈ અમૂલ્ય જીંદગીઓ છીનવાઈ તે પહેલાં નિંદ્રાધીન તંત્ર ધ્યાન આપશે ? કે પછી હોતા હૈ ચલતા હૈ તેવું અપનાવવામાં આવશે ? નવા બ્રિજ પર પડેલા ખાડાઓ તથા આગળ વધતા જ મસમોટા ખાડાઓ જેના કારણે રાત મધરાતે બીમાર દર્દીઓને લઈને જતા વાહન ચાલકોને આ પડેલા મસમોટા ખાડાઓમાં વિલ ખુચી જાય તેવા દ્રશ્યો સર્જાયા છે. પરંતુ કુંભકર્ણ નિંદ્રામાં સુતેલુ તંત્ર આ પડેલા ખાડાઓની મરામત કરાવશે કે કોઈ મોટી દુર્ઘટના સર્જાય ત્યારે ધ્યાન ઉપર લેવામાં આવશે ? કે કોઈ મોટો અકસ્માત સર્જાઇ ત્યારે ગંભીરતા લેવામાં આવશે ? તેવી અનેક ચર્ચાઓ વાહન ચાલકોમાંથી ઉઠી રહી છે.

## જાહેર નોટીસ

આથી આ જાહેર નોટીસ આપી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જિલ્લાનાં અમરેલી તાલુકાનાં મોજે અમરેલી ગામે વરસડા રોડ રસ્તે આવેલ સ.નં. ૧૪૮ પૈકીથી નોંધાયેલ જમીનમાં આવેલ ''ગીરધરનગર'' નામના વિસ્તારમાં આવેલ સબ પ્લોટ નં. ૩૪/૨ ની જમીન ચો.મી. ૬૭–૫૦ વાળી મિલ્કત બાબતે હાલના ધારણકર્તા અરૂણાબેન (અરૂણાબા) રાજેન્દ્રસિંહ ચૌહાણએ સદરહું મિલ્કત ઉપર એસ.બી.આઈ. અમરેલીમાંથી લોન/ ધિરાણ/મોર્ગેજ કરવા માંગતા હોય, અમારા પાસે ટાઈટલ કલીયર સર્ટીફીકેટ મેળવવા માંગતા હોય, તેઓએ અમારી સમક્ષ એવી રજૂઆત કરેલ છે કે સદરહું તેમના કબ્જા, ભોગવટા તેમજ માલીકીની આવેલ છે. પરંતુ સદરહું મિલ્કતના ટાઈટલ ડીડઝ તપાસતા નીચે મુજબના દસ્તાવેજી લેખોમાં સબંધીત કુલમુખત્યારનામા અથવા તેની નકલ મળી આવતી નથી અને ગેરવલ્લે થયેલ છે તેવી રજૂઆત હાલના માલીક અરૂણાબેન (અરૂણાબા) રાજેન્દ્રસિંહ ચૌહાણ તરફથી અમારા સમક્ષ કરવામાં આવેલ છે.

**(૧) શ્રી મનીષભાઈ લલીતકુમાર ઠક્કરના કુલ મુખત્યાર શ્રી ધીરૂભાઈ મોહનભાઈ સિધ્ધપુરાએ તા. ૨૬/૧૨/૧૯૯૫ ના દસ્તાવેજ નં.૨૭૩૩ માં કરી આપેલ લેખ સબંધેનું કુલમુખત્યારનામું**

**(૨) શ્રી શારદાબેન મનરૂપગીરી ગોસાઈના કુલમુખત્યાર શ્રી રતિલાલ બાવાભાઈ માતરીયાએ તા.૧૬/૦૪/૨૦૦૨ ના દસ્તાવેજ નં. ૧૦૩૦માં કરી આપેલ લેખ સબંધેનું કુલમુખત્યારનામું**

સબબ ઉપરોકત લેખ સબંધે તથા કુલ મુખત્યારનામા અવન્યે કે સદર મિલ્કત અન્વયે કે સદર મિલ્કતના કોઈ પણ ભાગ અન્વયે કોઈ પણ બેંક, સંસ્થા, પેઢી કે વ્યકિતનો કે કોઈ પણનો કોઈ પણ જાતનો હક્ક, હિત, હિસ્સો, ગીરો, કબ્જો, બક્ષીસ હોય તો આ જાહેર નોટીસ પ્રસિધ્ધ થયે દિવસ–ઉમાં અમો નીચે સહી કરનાર પાસે રજુ કરશો. જો સમય મર્યાદામાં કોઈના તરફથી કોઈ વાંધા તકરાર આવશે નહી તો સદરહું મિલ્કત પરત્વે કોઈને વાંધા તકરાર છે નહિ અને હોય તો તે સ્વૈચ્છાએ જતા (વેવ) કરેલ છે. તેમ માની અમો સદરહું મિલ્કતનું વિશેષ અભિપ્રાય સાથે ટાઈટલ કલીયર સર્ટીફીકેટ એસ.બી.આઈ બેંક અમરેલી તરફે આપવામાં આવશે. ત્યારબાદ કોઈના કોઈ પણ જાતના વાંધા, તકરાર એસ.બી.આઈ. બેંક અમરેલી ને બંધનકર્તા રહેશે નહી જેની નોંધ લેશો.

**દેવેન્દ્રકુમાર સી. ખંભોળીયા**
**– એડવોકેટ**
**ફોરવર્ડ શોપીંગ સેન્ટર, દુકાન નં. ૧૩,**
**સિવીલ હોસ્પિટલ રોડ, અમરેલી**
**મોબાઈલ – ૯૮૨૫૫ ૨૭૧૦૧**

## અમરેલી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શિંગ મઠડી | ૭૨૨ | ૭૮૦ |
| ૨ | શિંગ મોટી | ૬૦૦ | ૯૨૫ |
| ૩ | શિંગદાણા | ૯૬૫ | ૧૨૩૨ |
| ૪ | શિંગદાણા ફાડા | ૯૦૦ | ૧૦૭૦ |
| ૫ | તલ સફેદ | ૧૧૦૦ | ૨૧૫૦ |
| ૬ | તલ કાળા | ૨૫૦૦ | ૪૨૯૫ |
| ૭ | તલ કાશ્મીરી | ૧૧૦૦ | ૨૪૧૦ |
| ૮ | બાજરો | ૩૧૦ | ૪૮૫ |
| ૯ | જુવાર | ૩૪૨ | ૭૨૧ |
| ૧૦ | ઘઉં ટુકડા | ૪૫૦ | ૫૮૦ |
| ૧૧ | ઘઉં લોકવન | ૫૦૦ | ૫૭૭ |
| ૧૨ | મકાઈ | ૩૨૦ | ૫૧૦ |
| ૧૩ | મગ | ૧૩૦૦ | ૧૯૩૦ |
| ૧૪ | અડદ | ૭૦૦ | ૧૪૧૦ |
| ૧૫ | ચણા | ૮૮૦ | ૧૦૭૬ |
| ૧૬ | છોલે ચણા | ૯૦૦ | ૧૮૦૦ |
| ૧૭ | તુવેર | ૮૦૦ | ૧૧૩૬ |
| ૧૮ | કપાસ | ૮૦૦ | ૧૫૩૬ |
| ૧૯ | જીરૂ | ૩૦૦૦ | ૩૪૯૦ |
| ૨૦ | રાય | ૧૪૨૧ | ૧૪૩૧ |
| ૨૧ | ધાણા | ૧૦૮૦ | ૧૩૮૧ |
| ૨૨ | અજમા | ૧૭૯૦ | ૧૭૯૦ |
| ૨૩ | સોયાબીન | ૬૦૦ | ૮૧૮ |
| ૨૪ | રજકાનું બી | ૪૦૦૦ | ૭૯૭૫ |
| ૨૫ | કાંગ | ૪૦૫ | ૪૬૨ |

## બાબરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ શંકર નવો | ૧૪૦૫ | ૧૫૩૫ |
| ૨ | મીડીયમ | ૧૦૫૫ | ૧૩૨૫ |
| ૩ | મગફળી | ૭૫૫ | ૮૭૫ |
| ૪ | તલ સફેદ | ૧૫૩૫ | ૧૭૭૫ |
| ૫ | તલ કાળા | ૨૪૧૫ | ૩૮૨૫ |
| ૬ | જીરૂ | ૩૦૨૦ | ૩૪૯૦ |
| ૭ | ઘઉં | ૪૬૫ | ૫૧૫ |
| ૮ | અડદ | ૯૨૫ | ૧૧૫૫ |
| ૯ | મગ | ૧૨૮૦ | ૧૪૦૦ |

## સાવરકુંડલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ જીણી | ૭૧૦ | ૧૦૨૦ |
| ૨ | શીંગ મોટી | ૭૦૦ | ૯૫૦ |
| ૩ | તલ સફેદ | ૧૬૨૫ | ૧૮૭૩ |
| ૪ | તલ કાળા | ૩૨૦૦ | ૩૬૦૦ |
| ૫ | જીરૂ | ૩૪૫૧ | ૩૫૪૩ |
| ૬ | કપાસ | ૧૧૦૦ | ૧૫૪૫ |
| ૭ | ઘઉં લોકવન | ૫૦૦ | ૫૭૫ |
| ૮ | ઘઉં ટુકડા | ૫૩૫ | ૬૦૨ |
| ૯ | બાજરો | ૩૦૦ | ૪૦૦ |
| ૧૦ | મકાઈ | ૩૦૦ | ૪૧૫ |
| ૧૧ | અડદ | ૧૬૫૦ | ૧૧૪૫ |
| ૧૨ | ચણા | ૧૦૦૦ | ૧૦૭૦ |
| ૧૩ | તુવેર | ૧૦૮૦ | ૧૧૩૫ |
| ૧૪ | ધાણા | ૮૦૦ | ૯૮૦ |
| ૧૫ | રજકા બી | – | ૭૦૦૦ |

## ધારી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ એ | ૧૨૭૧ | ૧૩૭૫ |
| ૨ | કપાસ કોડી | ૯૭૭ | ૧૧૮૫ |
| ૩ | મગફળી | ૬૦૦ | ૮૧૬ |
| ૪ | તલ | ૧૦૯૦ | ૧૭૦૦ |
| ૫ | અડદ | ૧૩૨૫ | ૧૩૨૫ |
| ૬ | રાઈ | ૧૧૦૫ | ૧૧૦૫ |
| ૭ | મેથી | ૯૨૦ | ૯૨૦ |
| ૮ | સોયાબીન | ૭૭૫ | ૭૭૫ |

## બગસરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૯૦૦ | ૧૫૩૫ |
| ૨ | ઘઉં લોકવન | ૪૭૦ | ૪૯૪ |
| ૩ | ઘઉં ટુકડા | ૪૫૦ | ૫૧૦ |
| ૪ | ચણા | ૮૩૫ | ૧૦૫૧ |
| ૫ | ચણા સફેદ | ૯૦૦ | ૧૦૦૦ |
| ૬ | ધાણા | ૧૧૬૦ | ૧૩૩૫ |
| ૭ | તુવેર | ૫૦૦ | ૫૪૦ |
| ૮ | અડદ | ૫૦૦ | ૧૧૦૦ |
| ૯ | મગ | ૧૦૦૦ | ૧૦૩૫ |
| ૧૦ | મેથી | ૭૮૦ | ૮૦૦ |
| ૧૧ | જુવાર | ૬૦૦ | ૬૩૪ |
| ૧૨ | લસણ | ૯૦૫ | ૯૧૫ |
| ૧૩ | સોયાબીન | ૬૩૫ | ૭૯૦ |
| ૧૪ | તલ સફેદ | ૧૭૦૦ | ૨૦૪૬ |
| ૧૫ | મગફળી | ૪૭૫ | ૬૦૦ |
| ૧૬ | શીંગફાડા | ૯૪૦ | ૧૦૧૦ |

## રાજુલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ | ૬૦૧ | ૭૦૦ |
| ૨ | તલ સફેદ | ૧૩૫૧ | ૨૦૦૧ |
| ૩ | તલ કાળા | ૨૫૦૧ | ૨૫૦૧ |
| ૪ | તલ પીળા | ૨૧૦૦ | ૨૧૭૯ |
| ૫ | કપાસ | ૭૦૦ | ૧૫૩૬ |
| ૬ | બાજરો | ૩૭૦ | ૪૧૮ |
| ૭ | ઘઉં ટુકડા | ૪૩૦ | ૫૬૫ |
| ૮ | જુવાર | ૪૧૬ | ૬૫૦ |
| ૯ | મગ | ૧૫૦૧ | ૧૫૦૧ |
| ૧૦ | અડદ | ૮૦૦ | ૧૧૫૦ |
| ૧૧ | ચણા | ૭૧૦ | ૧૦૮૧ |
| ૧૨ | સોયાબીન | ૭૭૧ | ૭૭૧ |

### પશુપાલકોનાં હિતને સુરક્ષિત રાખવા માટેનાં નિર્ણયને લઈને

# અમરેલીનાં બાબાપુર ગામની ૧૦૦ બહેનોએ પ્રધાનમંત્રીનો આભાર માનતો પત્ર લખ્યો

### દુધ ઉત્પાદક સહકારી મંડળીની બહેનોએ ખુશી વ્યક્ત



અમરેલી, તા. ૨૬

વિદેશી કૃષિ અને ડેરી ઉત્પાદનોની આયાતને બદલે સ્વદેશી ઉત્પાદનોને પ્રોત્સાહન આપવાના નિર્ણયને અમરેલીના બાબાપુર ગામની બહેનોએ વધાવ્યો છે.

પશુપાલકોના હિતને સુરક્ષિત રાખવા માટે વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના આ દ્રઢ નિર્ણય માટે તેમનો વ્યકત કરતો અમરેલીના બાબાપુર ગામના આશરે ૧૦૦ જેટલા બહેનોએ પત્ર લખ્યો છે.

બાબાપુર દૂધ ઉત્પાદક સહકારી મંડળી લી.ના સભાસદ બહેનો આજે બાબાપુર ખાતે એક જગ્યાએ એકત્રિત થઈ, આ બહેનોએ સમૂહમાં સાથે મળીને પોતાના પ્રિય નેતા વડાપ્રધાન નરેન્દ્ર ભાઈ મોદીને પત્ર લખ્યો છે. આ પત્રમાં તેમણે, વિદેશી કૃષિ અને ડેરી ઉત્પાદનોની આયાત રોકવાના દ્રઢ નિર્ણયને વધાવતા લખ્યું હતું કે, આ નિર્ણય અમારા જેવા નાના દૂધ ઉત્પાદકો અને સહકારી સંસ્થા માટે આશીર્વાદ સમાન છે, આ પગલાંથી ગામડાની અસંખ્ય મહિલાઓને આત્મનિર્ભર બનવાની શકિત મળશે, સાથે જ ભારતનો ડેરી ઉદ્યોગ મજબૂત બનશે, ઉપરાંત દેશના ખેડૂતો તેમજ દૂધ ઉત્પાદકોના હિતોને સુરક્ષિત રાખવા માટેના અવિરત પ્રયત્ન અને સંવેદનશીલ નેતૃત્વ માટે આ પત્રમાં અભિનંદન સાથે આભાર વ્યકત કર્યો છે.

બાબાપુર ગામના પશુપાલન સાથે જોડાયેલા અલ્પાબેન રીબડીયાએ જણાવ્યું કે, આ નિર્ણયથી પશુપાલકોને પોતાના દૂધનો પૂરતો ભાવ મળી રહેશે. દેશના પશુપાલકોના હિત માટે જે જરૂરી હતું, તેવો નિર્ણય વડાપ્રધાને કર્યો છે, એટલે આજે બાબાપુર ગામની પશુપાલન સાથે જોડાયેલી સૌ બહેનોએ સાથે મળીને વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીને આભાર વ્યકત કરતો પત્ર લખ્યો છે. તેવી જ કંઈક લાગણી મમતાબેન ગોંડલીયા અને આશાબેન વઘાસિયાએ વ્યકત કરી હતી.

ઉલ્લેખનીય છે કે, બાબાપુર દૂધ ઉત્પાદક સહકારી મંડળી લી.ના સભાસદ બહેનો પશુપાલન થકી દૈનિક સરેરાશ મુજબ આશરે ૫૦૦ લીટર જેટલું દૂધ ઉત્પાદન થઈ રહ્યું છે.

# હાથસણી ગામે શક્તિપર્વ નવરાત્રિની ભવ્ય ઉજવણી



સાવરકુંડલા, તા. ૨૬

હિંદુ ધર્મ મા શક્તિ આરાધના માટે નવ દિવસનો મહાપર્વ એટલે આસો નવરાત્રિ. હિંદુ સંસ્કૃતિમા નવરાત્રિ પર્વનુ અનેરૂ મહાત્મ્ય રહેલ છે. સમગ્ર ભારતભરમા શહેરથી લઈ ગામડા સુધી ભારે શ્રદ્ધાપૂર્વક નવરાત્રિની ઉજવણી કરવામાં આવે છે. ત્યારે સાવરકુંડલાના હાથસણી ગામે ચોકવિસ્તારમા 'નવદુર્ગા ગરબી મંડળ' દ્વારા કરવામાં આવેલ આયોજનમા નાની બાળાઓ, અને ભાઈઓના અલગ અલગ બે મંડળો દ્વારા ભવ્ય પ્રાચિન રાસોત્સવ રજુ કરવામાં આવી રહ્યા છે. પ્રથમ નાની બાળાઓ દ્વારા ભારતીય સંસ્કૃતિને અનુરૂપ સાડીમા સજજ થઈ દરરોજ અલગ અલગ કલાત્મક પ્રાચિન રાસ ગરબાઓ રજુ કરી ભારે આકર્ષણ જમાવેલ છે. બાળા ઓના રાસબાદ અલગ અલગ બે ભાઈઓના મંડળ દ્વારા ભવ્ય રાસો રજુ કરી રહ્યા હોય, ઉપરોક્ત રાસોત્સવ દિવસે દિવસે ભારે આકર્ષણ જમાવતા જાય છે. પ્રાચિન રાસ ગરબાઓ નિહાળવા ખુબજ બહોળી સંખ્યામા ગ્રામ્યજનો ઉપસ્થિતિ રહે છે. આમ હાથસણી ગામે નવરાત્રી પર્વ ઉજવણીનુ 'બાપા સીતારામ સેવા મંડળ' દ્વારા ભવ્ય આયોજન કરવામાં આવેલ છે. તેમ દિલુભાઈ એમ. ખુમાણની યાદી દ્વારા જણાવવામાં આવેલ છે.

### એનએસએસ ડે ની ઉજવણી અંતર્ગત

# અમરેલીની મોંઘીબા મહિલા આર્ટસ કોલેજની છાત્રા શ્લોકગાન સ્પર્ધામાં પ્રથમ

### રોમાન્સી મુંગલપરા નામની છાત્રા એ ગૌરવ વધાર્યુ



અમરેલી, તા. ૨૬

રાષ્ટ્રીય સેવા યોજના (એનએસએસ) સ્થાપના દિવસ નિમિત્તે રાજય કક્ષાની ઉજવણી વલ્લભ વિદ્યાનગર આણંદ ખાતે તા.૨૨થી ૨૪ સપ્ટેમ્બર દરમિયાન થઈ હતી, જેમાં અલગ-અલગ અનેક સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં અમરેલી જિલ્લા વિદ્યાસભા સંચાલિત માતુશ્રી મોંઘીબા મહિલા આર્ટ્સ કાલેજની એફ.વાય.બી.એ.ની વિદ્યાર્થિની ભીંસરિયા ગાયત્રીએ એકપાત્રીય અભિનય અને એસ.વાય. બી.એ.ની વિદ્યાર્થિની મુંગલપરા રોમાન્સીએ સંસ્કૃત શ્લોકગાન સ્પર્ધામાં ભાગ લીધો હતો. આ શ્લોકગાન સ્પર્ધામાં ગુજરાતની જુદી જુદી કાલેજ અને યુનિવર્સિટીઓમાંથી કુલ ૩૬ સ્પર્ધકોએ ભાગ લીધો હતો, જેમાં મોંઘીબા મહિલા કાલેજની વિદ્યાર્થિની મુંગલપરા રોમાન્સીએ પ્રથમ ક્રમાંક પ્રાપ્ત કરી કાલેજ પરિવાર અને યુનિવર્સિટીનું ગેરવ વધાર્યુ છે.

જેમાં ગુજરાતીના પ્રા. શોભનાબેન ભેસાણીયાનો વિશેષ સહયોગ રહ્યો હતો.

સ્પર્ધામાં ભાગ લેવા બદલ અને આવી જ રીતે આગળ વધી પ્રગતિ કરતાં રહે તે માટે બન્ને છાત્રાઓને કાલેજના ટ્રસ્ટીગણ, ઈન્ચાર્જ પ્રિન્સિપાલ ડો. જી. વી. વેલિયત, એન.એસ.એસ. પ્રોગ્રામ ઓફિસર ડો. નિરૂપા ટાંક, આસિ.પ્રોગ્રામ ઓફિસર પ્રા. નયનાબેન જોશી તેમજ કાલેજના સમગ્ર સ્ટાફ પરિવારે શુભેચ્છાઓ પાઠવેલ છે.

### ''સ્વાસ્થ્ય વિશે વિચારો ફાર્માસિસ્ટ વિશે વિચારો'' થીમ ઉપર

# અમરેલી ખાતે વિશ્વ ફાર્માસિસ્ટ દિવસની ડીડીઓની ઉપસ્થિતિમાં ઉજવણી કરવામાં આવી

### મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી પણ ઉપસ્થિત રહ્યા



અમરેલી, તા. ૨૬

આરોગ્ય ક્ષેત્રમાં ફાર્માસિસ્ટના નોંધપાત્ર યોગદાનને માન્યતા આપવા માટે દર વર્ષે તારીખ ૨૫ સપ્ટેમ્બરના રોજ વિશ્વ ફાર્માસિસ્ટ દિવસ ઉજવવામાં આવે છે. આ વખતની થીમ ''સ્વાસ્થ્ય વિશે વિચારો, ફાર્માસિસ્ટ વિશે વિચારો'' હતી, જે સ્વસ્થ સમુદાયોના નિર્માણમાં ફાર્માસિસ્ટની ભૂમિકા પર ભાર મૂકે છે.

આ અનુસંધાને તારીખ ૨૫ સપ્ટેમ્બર ૨૦૨૫ને ગુરૂવારના રોજ આરોગ્ય શાખા જિલ્લા પંચાયત અમરેલી ખાતે વિશ્વ ફાર્માસિસ્ટ દિવસની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં જિલ્લા વિકાસ અધિકારી પી.બી. પંડયા અને મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી ડો. આર.એમ. જોષીના માર્ગદર્શન હેઠળ અને ફાર્માસિસ્ટ એસોસિએશન જિલ્લા પંચાયત અમરેલીના સહયોગથી જિલ્લાના દરેક પ્રાથમિક આરોગ્ય કેન્દ્રમાં ફરજ બજાવતા ફાર્માસિસ્ટ દ્વારા દરેક પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ઉપરથી નિઃક્ષય મિત્ર તરીકે ટીબીના દર્દીઓને કુલ મળીને ૧૩૬ જેટલી ન્યુટ્રિશન કીટનું વિતરણ કરવામાં આવી હતી. આ કાર્યક્રમમાં જિલ્લા વિકાસ અધિકારી, મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી જિલ્લા આર.સી.એચ. અધિકારી, જિલ્લા ટીબી અધિકારી, જિલ્લા કવોલિટી મેડિકલ ઓફિસર, જિલ્લા સર્વેલન્સ ઓફિસર, વહીવટી અધિકારી તથા જિલ્લાના તમામ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રના ફાર્માસિસ્ટ ભાઈઓ અને બહેનો આ કાર્યક્રમમાં હાજર રહેલ હતા. તેવુ મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીની યાદીમાં જણાવે છે.

# બગસરા ડેપોમાં સ્વચ્છતા અભિયાન અંતર્ગત શ્રમદાન ઝુંબેશ યોજાઈ



અમરેલી, તા. ૨૬

અમરેલી વિભાગના બગસરા ડેપોમાં આજ સ્વચ્છતા અભિયાન ૨૦૨૫ અંતર્ગત વિશેષ શ્રમદાન ઝુંબેશનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં અધિકારીઓ અને કર્મચારીઓ સક્રિય ભાગીદાર બનીને ડેપો વિસ્તારમાં સફાઈ કાર્યમાં હાથ બટાવ્યો. અભિયાનનું મુખ્ય ઉદ્દેશ જાહેર જગ્યા અને કાર્યસ્થળને શુધ્ધ, સ્વચ્છ અને વ્યવસ્થિત બનાવવું હતું.

અભિયાન દરમિયાન તમામ કર્મચારીઓએ ડેપો આસપાસના કચરો એકત્રિત કરી તેને યોગ્ય રીતે નિકાલ કરવા માટે વ્યવસ્થા કરી. સફાઈ દરમિયાન જગ્યા પર છુટેલા પ્લાસ્ટિક, પેપર, ડિસ્ટર્ટ અને અન્ય કચરો દુર કરવામાં આવ્યો. કર્મચારીઓએ ઢગલા કે કચરાની બેકટેરિયા અને રોગચાળો ફેલાવા માટે યોગ્ય પ્રતિકારાત્મક પગલાં લઈ સફાઈને વધુ અસરકારક બનાવ્યું.

અધિકારીઓએ જણાવ્યું કે સ્વચ્છતા માત્ર સરકારની જવાબદારી નથી પરંતુ દરેક વ્યકિતની ફરજ છે. શ્રમદાન અભિયાન દ્વારા કર્મચારીઓમાં સફાઈ પ્રત્યે જાગૃતિ અને સામાજિક જવાબદારીની ભાવના વધે છે. ડેપોમાં સફાઈ કાર્ય માત્ર ઔપચારિક કામગીરી નહી પરંતુ સમાજમાં સ્છચ્છતા અને આરોગ્ય પ્રત્યે પ્રેરણા ફેલાવવાનું એક મોખરું ઉદાહરણ બની ગયું છે.

આ પ્રકારના સ્વચ્છતા અભિયાન લોકોને તેમના આસપાસના વાતાવરણને સ્વચ્છતા રાખવા માટે પ્રેરણા આપે છે અને સ્વચ્છ ભારતના લક્ષ્યને પહોંચી વળવામાં મહત્વપૂર્ણ યોગદાન આપે છે. બગસરા ડેપો ખાતે આ ઝુંબેશ પ્રદાયક અને ઉતમ પ્રયાસ સાબિત થઈ રહી છે. જે ભવિષ્યમાં વધુ વિસ્તૃત સ્વચ્છતા પ્રવૃતિઓ માટે માર્ગદર્શન બની રહેશે.

### અમરેલીની ધર્મજીવન હોસ્પિટલનાં સહયોગથી

# લાઠીનાં સરકારી દવાખાનામાં નિઃશુલ્ક સર્વરોગ નિદાન કેમ્પ યોજાયો

### ધારાસભ્ય જનક તળાવીયા ઉપસ્થિત રહયા



અમરેલી, તા. ૨૬

લાઠી શહેરના સિવિલ હોસ્પિટલ પરિસરમાં આજે એક વિશાળ સર્વરોગ નિદાન કેમ્પનું સફળ આયોજન કરવામાં આવ્યું, જેમાં ધર્મ જીવન હોસ્પિટલ, અમરેલીના તબીબી સ્ટાફ અને નિષ્ણાતોની ટીમ દ્વારા વિવિધ પ્રકારના રોગોની નિઃશુલ્ક તપાસ કરવામાં આવી. આ આરોગ્ય કેમ્પનો મુખ્ય હેતુ ગામ્ય અને સુદૂર વિસ્તારોના જરૂરિયાતમંદ લોકોને સારી અને સસ્તી આરોગ્યસેવા ઉપલબ્ધ કરાવવો હતો.

આ પ્રસંગે ધારાસભ્ય જનક તળાવીયા પધાર્યા હતા. તેમણે કેમ્પની કામગીરીને નજીકથી નિહાળી અને તબીબી સ્ટાફના ઉત્સાહને વધાવતાં કહ્યું. 'આ પ્રકારના નિદાન કેમ્પો સમાજમાં આરોગ્યપ્રદ જીવનશૈલી જાળવવામાં મહત્વનો ભાગ ભજવે છે. ખાસ કરીને ગ્રામ્ય વિસ્તારોમાં, જયાં આરોગ્ય સેવાઓની સુવિધાઓ મર્યાદિત હોય, ત્યાં આવી સેવાઓ લોકોને નવી આશા આપે છે.'

કેમ્પ દરમિયાન ઘણા લોકોએ આરોગ્યતપાસનો લાભ લીધો. ધર્મ જીવન હોસ્પિટલના ઉચ્ચ શિક્ષિત તબીબો, ટેકિનશિયન અને નર્સિંગ સ્ટાફે સંપૂર્ણ તદ્દન સેવાભાવે સેવા આપી. આ કેમ્પ દરમિયાન લોકોમાં આરોગ્ય અંગે જાગૃતિ ફેલાવવા માહિતી આપવામાં આવી. લોકોને યોગ્ય જીવનશૈલી, સ્વચ્છતા અને સમયસર ચેકઅપ અંગે માર્ગદર્શન પણ અપાયું.

આ કેમ્પનું આયોજન લાઠી સિવિલ હોસ્પીટલ, તાલુકા આરોગ્ય વિભાગ અને ધર્મ જીવન હોસ્પિટલના સંયુક્ત સહયોગથી યોજાયું હતું. સ્થાનિક સ્વયંસેવકો અને આરોગ્ય કર્મચારીઓએ પણ અભૂતપૂર્વ યોગદાન આપ્યું.

# અમરેલી : શ્રીમતી એસ.એચ. ગજેરા કેમ્પસ વિદ્યાસભાના DLSS હોકી ખેલાડીનો JNJ ચેમ્પિયનશીપમાં સુવર્ણ પદક પ્રાપ્ત કરી રાજય કક્ષાએ દબદબો



અમરેલી, તા. ૨૫

તારીખ ૧૨ થી ૧૫ સપ્ટેમ્બર ૨૦૨૫ના રોજ રાજય કક્ષાની જવાહરલાલ નહેરૂ જુનિયર બોયઝ હોકી ચેમ્પિયનશીપનું આયોજન સુરત ખાતે થયું હતું. જેમાં શ્રીમતી શાંતાબેન હરિભાઈ ગજેરા શાળાના DLSS ભાઈઓના ખેલાડીઓએ યુ-૧૭ હોકી ગેમમાં પાર્ટીશીપેશન કરેલ. તેમાં શ્રીમતી શાંતાબેન હરિભાઈ ગજેરા શાળાના વિદ્યાર્થી ભાઈઓમાં (૧) મોરી વિક્રમ (૨) ગોહિલ યુગ (૩) માજુસા દર્શન, (૪) બારૈયા કુલદીપ, (૫) પટેલ વંશ, (૬) રાબડીયા રૂદ્ર, ૭) સોલંકી જયવી, (૮) મુસાગરા અલ્ફેશ (૯) બારૈયા ગૌતમ, (૧૦) જેઠવા અક્ષય, (૧૧) સૈયદ અયાન, (૧૨) મકવાણા સુજલ, (૧૩) સોલંકી જયદીપ, (૧૪) ભાડજા વીર, (૧૫) પરમાર શિવાંગ (૧૬) ભલગરીયા ઈન્દ્રસિંહ , ભાઈઓની હોકી ટીમે રાજય કક્ષાએ સુવર્ણ પદક પ્રાપ્ત કર્યો. તેમજ યુ-૧૫ હોકી ગેમ વડોદરા મુકામે યોજાય જેમાં ૧)જેઠવા અક્ષય, ૨) બલારીયા ઈન્દ્રજીતસિંહ, ૩) ચૌહાણ કરમ, ૪) નંદાણીયા કૃપંગ, ૫) મોરી દિશાંત, ૬) બાંભણીયા યુગ, ૭)ચાવડા વેદાંત, ૮)રાઠોડ શિવમ, ૯)ચુડાસમા આર્યવીર, ૧૦) ચૌહાણ વિરાજ, ૧૧) સોલંકી વિક્રમ, ૧૨) ગોલા તીર્થ, ૧૩) વાડદોરીયા આશિષ, ૧૪) તળાવીયા સુનિલ, ૧૫) સોલંકી વિરાજ, ૧૬) સાંગાણી હિત ભાઈઓની હોકી ટીમે રાજય કક્ષાએ કાંસ્ય પદક પ્રાપ્ત કર્યો. જે અમરેલી જિલ્લા માટે ગૌરવવંતુ છે નોંધનીય છે કે વિદ્યાર્થીઓને દરેક રમત ગમતમાં નિયમિત પ્રેક્ટિસ માટેનું મજબૂત પ્લેટફોર્મ સંસ્થા તરફથી પૂરૂ પાડવામાં આવે છે. આ તકે સંસ્થાના પ્રમુખ વસંતભાઈ ગજેરા, મંત્રી ચતુરભાઈ ખૂંટ, મનસુખભાઈ ધાનાણી તેમજ કેમ્પસ ડાયરેક્ટર વસંતભાઈ પેથાણીએ ખેલાડીઓને અને કોચ સંજયભાઈ ભોજીયા-ટ્રેનર સાર્થિક માલકિયાને શુભેચ્છાઓ પાઠવવામાં આવી હતી.

# શ્રીમતી એસ.એચ.ગજેરા કેમ્પસ વિદ્યાસભાના DLSS જુડો ખેલાડીઓએ GSCJ ચેમ્પિયનશીપમાં રજત અને કાંસ્ય પદક પ્રાપ્ત કરી રાજય કક્ષાએ સિધ્ધી મેળવી



અમરેલી, તા. ૨૬

તાજેતરમાં રાજય કક્ષાની ગુજરાત સ્ટેટ કેડેટ જુડો ચેમ્પિયનશીપનું આયોજન નડિયાદ મુકામે થયું હતું. જયાં વિવિધ જિલ્લાના જુડો રમતના ખેલાડીઓએ પાર્ટીશીપેશન કરેલ. તેમાં શાંતાબેન હરિભાઈ ગજેરા શાળાના DLSS જુડો ખેલાડીઓએ પાર્ટીશીપેશન કરી પોતાની તાકાત અજમાવીને સિધ્ધીઓ મેળવેલ. જેમાં શાળાના વિદ્યાર્થીમાં (૧) મકવાણા કુલદીપ ૮૧ કેજી સિલ્વર મેડલ (૨) ધાંધલ વિધી ૪૦ કેજી બ્રોંન્ઝ મેડલ (૩) નંદવાણ રવિરાજ ૫૦ કેજી બ્રોન્ઝ મેડલ મેળવી રાજય કક્ષાએ જુડો ગેમમાં શાળા પરિવારનું નામ રોશન કરેલ છે. સંસ્થાના અનુભવી તજજ્ઞો ધ્વારા શિક્ષણ કાર્ય તેમજ વિદ્યાર્થીઓએ રમત-ગમત ક્ષેત્રે સતત અનુભવસ કોચ દ્વારા પ્રશિક્ષણ મેળવી સિધ્ધીઓ પ્રાપ્ત કરેલ છે. તે બદલ સંસ્થાના પ્રમુખ વસંતભાઈ ગજેરા, મંત્રી ચતુરભાઈ ખૂંટ, મનસુખભાઈ ધાનાણી તેમજ કેમ્પસ ડાયરેકટર વસંતભાઈ પેથાણીએ ખેલાડીઓને અને કોચ-ટ્રેનર ને અભિનંદન પાઠવ્યા હતા.

### ''સ્વસ્થ નારી- સશકત પરિવાર'' અભિયાન અંતર્ગત

# દામનગરનાં સામુહિક આરોગ્ય કેન્દ્ર ખાતે નિઃશુલ્ક સર્વરોગ નિદાન કેમ્પ યોજાયો

### તાલુકા આરોગ્ય વિભાગની ટીમે જહેમત ઉઠાવી



દામનગર, તા. ૨૬

દામનગર "સ્વસ્થ નારી – સશક્ત પરિવાર" અભિયાન અંતર્ગત સામુહિક આરોગ્ય કેન્દ્ર ખાતે 'નિઃશુલ્ક સર્વરોગ નિદાન કેમ્પ'નું સુંદર આયોજન કરવામાં આવ્યું હતું. તાલુકા આરોગ્ય અધિકારી ડો. આર. આર. મકવાણા, ડો. ભાગીરથી જલુ અને પદાધિકારીઓ દ્વારા દીપ પ્રાગટ્ય કરી શિબિરનો આરંભ કર્યો હતો. આ કેમ્પ દરમિયાન ૪૫૯ જેટલા લાભાર્થીઓને ગાયનેક, પીડિયાટ્રિક, ચામડીના રોગો, જનરલ સર્જરી અને માનસિક રોગના સ્પેશ્યાલિસ્ટ નિષ્ણાત ડોક્ટરોની ટીમ દ્વારા સગર્ભા અને પ્રસૂતા સ્ત્રીઓની તપાસ, બીપી, ડાયાબિટીસ, કેન્સર, ટીબી, એનિમિયા જેવા ગંભીર રોગોની તપાસ, માસિક સ્ત્રાવ દરમિયાન સ્વચ્છતા અંગે માર્ગદર્શન તથા કિશોરીઓને પેડ વિતરણ, પોષણ અને માનસિક સ્વાસ્થ્ય સલાહ, પ્રસૂતિ પહેલાંની સંભાળ તથા જરૂરી તપાસ, લોહી અને પેશાબની લેબોરેટરી તપાસ, અન્ય પાયાની તપાસ તેમજ અનેક રોગોની સારવાર સહિત સચોટ માર્ગદર્શન સુલભ કરાવવામાં આવ્યું હતું

આ કેમ્પને સફળ બનાવવા લાઠી તાલુકા હેલ્થ ઓફિસર ડો. આર. આર. મકવાણા, અધિક્ષક ડો. એસ. એસ. વોહરા, ડો. ભગીરથી જલુ, ડો. હરિવદન પરમાર, ડો. હિતેશ પરમાર, જીગ્નેશ બસન, સાગર નરોડિયા તથા હોસ્પિટલ સ્ટાફ અને આશા કાર્યકર બહેનો સાથે સમગ્ર ટીમે અખૂટ મહેનત કરી હતી. સૌએ પોતાની ફરજને સેવા ભાવના સાથે નિભાવી, સવારે વહેલી સવારે થી અંતિમ ક્ષણ સુધી ગામજનોને ગુણવત્તા યુક્ત આરોગ્ય સેવાઓ પહોંચાડવા સતત પ્રયત્ન કર્યો હતો.




## તહેવારોનાં દિવસોમાં વધારે ટ્રાફિક જામે છે

# બાબરામાં ટ્રાફિકથી ધમધમતી બજારમાં ખાડા રાજ : પાલિકાના શાસકો આળશ ખંખેરે

### ખુલી કુંડીઓ સહિતની અનેક સમસ્યા વિકરાળ

બાબરા, તા. ૨૬

બાબરામાં આવેલ મુખ્ય બઝારોમાંસીસીરોડમાંછેલ્લાબેમહિનાથી ખાડા પડી ગયા છે સ્થાનિક વેપારીઓ દ્વારા પાલિકામાં રજૂઆત કરવા છતાં આજ દિન સુધી નગરપાલિકા દ્વારા રોડપર પડેલ ખાડાની મરામત નહિ કરતા વેપારીઓ રોષ જોવા મળ્યો હતો અને સવાલ કર્યો હતો કે પાલિકા તંત્રને વેપારીઓનોવ્યવસાયવેરોમિલકતવેરો વસુલ કરવામાં સમય નથી લાગતો પણ સાથે સુવિધા ઉપલબ્ધ કરાવવામાં મોડું કેમ સુ પાલિકા રોડની મરામત ક્યારેય નહીં કરે તેવા વેધક સવાલ પણ કર્યા હતા.



તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા–બાબરા

હાલ નવરાત્રીને તહેવાર તેમજ આગામી દિવસોમાં દિવાળીના તહેવાર આવતા હોય ત્યારે અહીં ખરીદીમાં આવતા ગ્રાહકો તેમજ રાહદારીઓનું બાઈકસ્લીપ થાય છે અને અકસ્માત સર્જાય છે અહીં બઝારમાં અપમાં બઝાર, ચકલા ચોક, મારૂતિ ચોક, આડી બઝાર અને ઉભી બઝારમાં અનેક જગ્યાએ ખાડા પડયા છે તેની મરામત કરવી ખૂબ જરૂરી હોવાનું વેપારીઓ દ્વાર જણાવ્યું હતું.

## આકરા કરવેરા બાદ સુવિધા અપાતી નથી

# જાફરાબાદનાં રાજુલા માર્ગ ઉપર મસમોટા ગાબડાથી વાહનચાલકો પરેશાન

### અવારનવાર અકસ્માતની બને છે ઘટના



જાફરાબાદ, તા. ૨૬

જાફરાબાદ રાજુલા રોડ ઉપર પડયા મસમોટા ખાડાઓ અતિશય ભયજનક બિસ્માર માગોના કારણે થતા અકસ્માતોથી અમૂલ્ય જીંદગીઓ જોખમાઈ તે પહેલાં નિંદ્રાધીન તંત્ર ધ્યાન આપે છે ? જાફરાબાદના નવા પૂલ ઉપરની એક સાઈડ અતિશય ખરાબ હોવાથી ટુ વ્હીલર ચાલકો આ પડેલા નાના મોટા ખાડાઓ તારવીને જતા કોઈ અકસ્માત થાય તેવી શક્યતા સેવાઈ રહી છે. અનેક વખત આ નવા પૂલ ઉપર પડેલા ખાડાઓમાં લોખંડના સળિયા પર ઘણી વખત દેખાયા છે. આ નવા બ્રિજ પર ઘણી વખત નાના મોટા અકસ્માત પણ સર્જાયા છે. અમુક અકસ્માતમાં અમૂલ્ય જીંદગીઓ પણ છીનવાઈ ગઈ છે. પરંતુ પી. ડબલ્યુ ડી.ના ધ્યાન ઉપર કયારે આવશે ? બીજી તરફ બાપા સીતારામ પાસે પણ નાનાં મોટાં ખાડાઓ તેની આગળ જતાં ખોડીયાર માતાજીના મંદિરેની આગળ પણ

અનુસંધાન પાના ૬ ઉપર

## ટાઉન પ્લાનિંગ સ્કીમ સંદર્ભે

# સાવરકુંડલા પાલિકાએ ગુજરાત વર્તમાન પત્રમાં અંગ્રેજીમાં જાહેર ખબર પ્રસિધ્ધ કરાવી

### ''જય જય ગરવી ગુજરાત''નો નાદ યાદ ન આવ્યો

સાવરકુંડલા, તા. ૨૬

સાવરકુંડલા નગરપાલિકા હવે ટાઉન પ્લાનિંગ સ્કીમ સંદર્ભે નવા કલેવર ધારણ કરવાની પ્રક્રિયામાં છે. આજરોજ એક ગુજરાતી અખબારમાં એ સંદર્ભે સંપૂર્ણ અંગ્રેજી ભાષામાં નગરપાલિકા પ્રમુખ અને ચીફ ઓફિસરના નામે એક જાહેરાત પ્રસિધ્ધ થઈ ત્યારે સાવરકુંડલાના પ્રબુદ્ધ નાગરિકો દ્વારા જો આવી જાહેરાતો ગુજરાતી માધ્યમના અખબારોમાં અંગ્રેજી ભાષામાં આવે તો અંગ્રેજી નહીં જાણનાર અનેક લોકો અને ફર્મને આ સંદર્ભે જાણ કેવી રીતે થઈ શકે? એવો પ્રશ્ન પણ ઉપસ્થિત થતાં આ સંદર્ભે સાવરકુંડલા



SAVARKUNDLA NAGARPALIKA
( SAVARKUNDLA AREA DEVELOPMENT AUTHORITY)

REQUEST FOR PROPOSAL (RFP)

"Consultancy services for preparation of Draft Town Planning Schemes for SAVARKUNDLA NAGARPALIKA ( SAVARKUNDLA AREA DEVELOPMENT AUTHORITY)

Savarkundla Nagarpalika is in the process of preparing Draft Town Planning Schemes for part of the area under its jurisdiction.Authority, hereby, invite proposals from reputed urban planning firms for providing consultancy services for the preparation of Draft Town Planning Schemes as per provisions of the Gujarat Town Planning and Urban Development Act, 1976.

Interested parties, for further details, may download the RFP document from nProcure web link (https://www.nprocure.com). Last date for submission of proposals, as directed in the RFP, in soft copy form on the above mentioned nProcure web link by 5:00 PM on 03/10/2025 and to Chief officer, Savarkundla in Physical form by 5:00 PM on 07/10/2025 by Registered Post only.

Chief Officer, Savarkundla Nagarpalika — President, Savarkundla Nagarpalika

નગરપાલિકા પ્રમુખ મેહુલભાઈ ત્રિવેદીને એક ફોન દ્વારા આ અંગે જણાવતાં તેણે પોતે સ્વીકાર્યું કે સદરહુ જાહેરાતનો અક્ષરશ: મુસદ્દો ગુજરાતી ભાષા ભાષાંતર કરીને અખબારમાં પ્રસિધ્ધ કરવા માટે પ્રતિબદ્ધતા દર્શાવી હતી. વાત જાણે એમ છે કે જયારે પ્રાદેશિક ભાષામાં વ્યવહાર કરવો જરૂરી હોય ત્યાં અંગ્રેજી સાથે ગુજરાતી ભાષાનો પણ પ્રયોગ કરવો જોઈએ. આમ આપણે ગુજરાતી હોવાનો જશ પણ લઈ શકીએ.

સાવરકુંડલા શહેરનો વિકાસ કરવાનું નક્કી જ હોય તો શહેરનો સમતોલ વિકાસ થાય એ પણ ખૂબ આવશ્યક છે. દાખલા તરીકે હાથસણી રોડ પર આવેલ સરકારી ત્રણ માળિયા નામે જાણીતી મકાનો હાલ બંધ હાલતમાં છે. જેનું વહેલી તકે રીનોવેશન અથવા

અનુસંધાન પાના ૬ ઉપર

## રખડતા પશુઓને સલામત સ્થળે ખસેડવામાં શાસકો નિષ્ફળ

# બાબરામાં હડકાયા બનેલ શ્વાને ૯ નાગરિકોને બચકા ભરતા ફફડાટનો માહોલ

### રખડુ શ્વાન, આખલાઓની સમસ્યા વિકરાળ બની



તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા–બાબરા

બાબરા, તા. ૨૬

બાબરામાં છેલ્લા એક બે મહિનામાં ગૌવંશ હડકાયા થવાના બનાવો સતત વધતા જોવા મળી રહ્યા છે અને તેમાં હવે હડકાયા ાનના કેસો પણ સામે આવતા શહેરના લોકોમાં ચિંતા પ્રસરી ગઈ છે.

બાબરામાં એક સપ્તાહમાં નવ જેટલા લોકો હડકાયા ાનનો શિકાર બન્યા. તમામ અહીં સરકાર હોસ્પિટલમાં સારવાર મેળવી અને રસી મુકાવી હતી. હજુ પણ શહેરમાં હડકાયા ાન આંટાફેરા મારતા જોવા જોવા મળી રહ્યા છે જેના

અનુસંધાન પાના ૬ ઉપર

## પુરપાટ ઝડપે અને બેફિકરાઈથી ચલાવીને

# અમરેલીનાં ચિતલ-મોણપુરનાં માર્ગ પર બોલેરોએ હડફેટે લેતા બાઈક સવારનું મોત

### મૃતકનું નામ નિલેશભાઈ ડાભી હોવાનું ખુલ્યુ

અમરેલી, તા. ૨૬

અમરેલી તાલુકાના મોણપુરના ગામે રહેતા રોહિતભાઈ નટુભાઈ ડાભી નામના ૨૮વર્ષિય યુવકના ભાઈ નિલેષભાઈ તથા તેના મિત્ર વિક્રમભાઈ એમ બંને પોતાના હવાલાવાળુ મોટર સાયકલ નં. જી.જે.–૦૩ એચપી–૫૫૯૮ લઈને ગત તા. ૨૪ના સાંજના ૭ થી ૭:૩૦ વાગ્યા દરમ્યાન ચિતલથી મોણપુર જતા હોય. ત્યારે ગંભીરા દાદાની દરગાહના બોર્ડ પાસે પહોંચતા સામેથી આવતા બોલેરો વાહન રજી. નં. જી.જે.–૧૪ એકસ–૭૨૩૧ના ચાલકે પોતાના હવાલાવાળી બોલેરો વાહન પૂરઝડપે અને બેફિકરાઈથી ચલાવી મોટર સાયકલ સાથે વાહન અકસ્માત કરી નિલેષભાઈને તથા તેના મિત્રને શરીરે ગંભીર ઈજા પહોંચાડી નિલેષભાઈનું મોત નિપજાવી દીધાની પોલીસમાં ફરિયાદ નોંધાઈ છે.

## તસ્કર કળિયુગમાં ધાર્મિક સ્થાનને પણ છોડતા નથી

# વલારડી ગામે કાવઠીયા પરિવારનાં માતાજીનાં મઢમાંથી રૂપિયા ૧.૬૯ લાખનાં મુદ્દામાલની ચોરી

અમરેલી, તા. ૨૬

બાબરા તાલુકાના વલારડી ગામે આવેલ કાવઠીયા પરિવારનાં માતાજીનાં મઢમાં કોઈ અજાણ્યો ચોર ઈસમે ગત તા. ૨૫ના ૧૨:૩૦થી ૬:૪૫ વાગ્યા દરમ્યાન પ્રવેશ કરી મઢની ગ્રીલનું તાળું તોડી માતાજી ઉપર ચડાવેલા આશરે કિંમત રૂપિયા ૧,૩૯,૦૦૦ ના નાના–મોટા સોના–ચાંદીના છત્તર તથા રોકડા રૂપિયા ૩૦,૦૦૦ મળી કુલ કિંમત રૂપિયા ૧,૬૯,૦૦૦ની ચોરી કરી લઈ ગયાની બેચરભાઈ રૈયાભાઈ કાવઠીયા (રહે. વલારડી) એ કોઈ અજાણ્યો ચોર ઈસમ સામે પોલીસમાં ફરિયાદ નોંધાવતા પોલીસે ચોરીનો ભેદ ઉકેલવા ધોરણસર કાર્યવાહી હાથ ધરેલ છે.

## સ્વમેળે ગળાનાં ભાગે છરીનો ઘા મારી

# લીલીયાનાં બોડિયા ગામે રહેતી આધેડ મહિલાએ આપઘાત કર્યો

### નાના એવા ગામમાં અરેરાટીનો માહોલ

અમરેલી, તા. ૨૬, લીલીયા તાલુકાના બોડીયા ગામે રહેતા રસીદાબેન ઈકબાલશા પઠાણ નામના ૫૪ વર્ષિય આધેડ મહિલાએ ગત તા. ૨૪નાં આશરે બપોરના ૧૨ વાગ્યે બોડીયા ગામે પોતાના રહેણાંક મકાને પોતે પોતાની મેળે ગળાના ભાગે છરીનો ઘા મારી ઈજા કરી આપઘાત કરી લીધાનું પોલીસમાં જાહેર થવા પામેલ છે.

## સીસીટીવી કેમેરામાં દ્રશ્ય કેદ થયુ

# ખાંભાનાં નાના બારમણ ગામમાં શિકારની શોધમાં ૨ સિંહોનુ આગમન

### ગ્રામજનોને સાવચેત રહેવા જણાવાયુ

અમરેલી, તા. ૨૬

ખાંભા તાલુકાના નાના બારમણ ગામમાં શાંતિભંગનું દ્રશ્ય જોવા મળ્યું હતું, જયાં શિકારની શોધમાં આવેલા બે સિંહો ગામની શેરીમાં દાખલ થયા હતા. આ અનોખો અને ભયજનક નજારો ગામના રહીશો અને વ્યવસાયિકો માટે આશ્ચર્ય અને ચિંતાનો વિષય બન્યો.



ઘટના દરમિયાન સિંહો ગામની મુખ્ય ગલીમાં ચપલગતિથી ફરતા નજરે આવ્યા અને સ્થાનિકોના જીવનમાં અચાનક તાણનું વાતાવરણ સર્જાયું. ગામના લોકો ઘરોની અંદર છુપાયા અને મોબાઈલ ફોન દ્વારા આ

અનુસંધાન પાના ૬ ઉપર













*પીઆરબી એકટ હેઠળ સમાચાર સંપાદન માટે જવાબદાર Publisher, Owner & Editor : *Manoj H. Rupareliya, Printed at Aajkaal Pri. Press,Rajputpara B/h Shell petrol Pump, Rajkot, Place of Publication Amreli Express, Under Hariom guest house, AMRELI..(Gujarat)